R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/-  Vol No. 67 - Issue No. 7
October - 2023    Total : 44 Pages    1

# જ્યોતિપુંજ

## Jyoti Punj




નૂતન
વર્ષ
અભિનંદન

૭૦ મો
વાર્ષિક રશોત્સવ
પાના નંબર-૧૬

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૭ | ૭ | ૨૧-૧૦-૨૦૨૩ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ● ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

❖❖❖

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

❖❖❖

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

❖❖❖

Visit us at www.balasinor.org


## ચરણ વંદના

**તંત્રી સ્થાનેથી**

✍ બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

**જે જે શ્રી ગોકુલેશ**

## નૂતન વર્ષાભિનંદન

**આપ સર્વનું નવું વર્ષ ચઢતી કળામાં ખીલે. તંદુરસ્તી, સ્વસ્થતા, મનોબળ, દ્રઢતા, એકાગ્રતા, સંનિષ્ઠ પ્રયાસ, પરિશ્રમ દ્વારા તમારા દરેક કાર્યને નવા પરિણામ પ્રાપ્ત થાય.**

**જીવનમાં નવી ક્રાંતિ આવે. સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્યની ભરપૂર પ્રાપ્તિ થાય એજ પ્રભુ પ્રાર્થના.**

ભારતીય સંસ્કૃતિનું ઊંડાણ અને તેની સુંદરતા આખાયે વિશ્વમાં પૂજનીય અને પ્રસંશનીય છે. સાવ સીધી સરળ બાબતોમાં છુપાયેલી દિવ્યતા આપણી સંસ્કૃતિને વિશિષ્ટ બનાવે છે. આપણાં રીતરિવાજો, આપણી પ્રણાલિકાઓમાં ગેરસમજ, વહેમ અને અંધશ્રધ્ધા રાખવા કરતાં તેને વૈજ્ઞાનિક, તાર્કિક, ઐતિહાસિક, સામાજીક અથવા આધ્યાત્મિક પુરાવાઓથી નિઃશંક સમજવા જરૂરી છે. આ રીતે અનુસરવાથી તેની દિવ્યતાને ઝાંખપ લાગતા અટકાવી શકાય છે.

ભારતની આ ભવ્ય સંસ્કૃતિનું એક અદ્વિતિય લક્ષણ છે. પોતાને નવ નિર્મત કરી શકવાની તેની ક્ષમતા. માનવો અને જીવોના બલિદાનની ગાથાઓ પુરાવારૂપ છે. આધુનિક યંત્ર યુગ સાથે હકારાત્મક રહીને આપણી સંસ્કૃતિએ હંમેશા ઉદારતાવાદ દાખવ્યો છે. આ કારણે જ

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

**DISPLAY/GODOWN** : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)**
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)**

***Authorised Distributors Stockist :***

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

ભારતીય સંસ્કૃતિ વિશ્વની સૌથી પ્રાચીન સભ્યતા તરીકે પૂજાઈ છે. તેના અનુસરણથી જીવનમાં ધન્યતાનો અનુભવ થાય છે. આજેપણ મોટાભાગના ભારતીય ઘરોમાં આ પ્રણાલિકાઓ જાળવવામાં આવી રહી છે.

આજે મારે વાત કરવી છે ચરણસ્પર્શની. હિંદુઓ પોતાનાં માતા-પિતા, વડીલો, ગુરુજનો અને સાધુ સંતોને નમીને તેમને ચરણસ્પર્શ કરે છે. ત્યારે વડીલ આપણા માથા પર હાથ મૂકીને આશિર્વાદ આપે છે. આપણે જ્યારે વડીલોને મળીએ ત્યારે દરરોજ અને કોઈ નવા કાર્યના પ્રારંભે, જન્મદિવસે, મોટા ઉત્સવ દિને એમ અનેક મહત્વનાં પ્રસંગે તેમની ચરણવંદના કરીએ છીએ. આપણે શા માટે ચરણસ્પર્શ કરીએ છીએ ?.... માનવી પોતાના પગ ઉપર ઊભો રહે છે. દંડવત્ કરીને ચરણસ્પર્શ કરવા એ વડીલોની વય, પૌઢત્વ, ખાનદાની, ચારિત્ર્ય અને દૈવત્વનો આદર કરવાનું પ્રતિક છે. તેમણે આપણા માટે આપેલો ભોગ, લીધેલી કાળજી અને સ્વાર્થરહિત પ્રેમની ઓળખ છે તેવું સૂચવે છે. અન્યની મહાનતાને નમ્રતાપૂર્વક સ્વીકારવાની એ રીત છે. આ રિવાજમાં મજબૂત કૌટુંબિક સંબંધોનું પ્રતિબિંબ પડે છે. આવા કૌટુંબિક સંબંધો એ ભારતીય સંસ્કૃતિની શાશ્વત શક્તિ છે.

હિન્દુસ્તાનમાં વડીલોના આશિર્વાદ અને શુભ સંકલ્પનું બહુ મોટું ઊંચુ મૂલ્ય અંકાય છે. આપણે વડીલોના ચરણસ્પર્શ કરીને તેમના આશિર્વાદની કામના કરીએ છીએ. પ્રેમ, શીલ અને દિવ્યતાથી પરિપૂર્ણ એવા તેમના અંતરમાંથી મળતા આશિર્વાદમાં પ્રબળ શક્તિ હોય છે. આપણે નમ્રપણે અને સન્માનપૂર્વક ચરણસ્પર્શ કરીએ છીએ. ત્યારે વડીલોના શુભાશિષનું આવાહન કરીએ છીએ અને આવા શુભાશિષ એક કલ્યાણકારી શક્તિ સ્વરૂપે આપણી રક્ષા કરે છે. તેથી પ્રણામ કરતી વખતે ઊભેલી કે ઝૂકેલી સ્થિતિમાં સ્થિર રહીએ ત્યારે આપણું સમગ્ર શરીર આશિર્વાદ દ્વારા વહેતી કલ્યાણકારી શક્તિને ગ્રહણ કરી શકે છે.

કોણે કોની ચરણવંદના કરવી એ બાબતે આપણાં શાસ્ત્રોમાં નિયમો છે. સંપત્તિ, ગોત્ર, વય, નૈતિક શક્તિ અને આધ્યાત્મિક જ્ઞાન આ બાબતો યથાક્રમે સન્માન પામવાની લાયકાત દર્શાવે છે. આજ કારણથી દેશનો શાસક હોવા છતાં રાજા આધ્યાત્મિક ગુરુની ચરણવંદના કરે છે. રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાં આ બાબતોના ઘણાં પ્રમાણ મળી રહે છે.

આ પરંપરાથી લોકોમાં પરસ્પર પ્રેમ અને આદરનું વાતાવરણ સર્જાય છે. કુટુંબ તથા સમાજમાં સંપ અને સુમેળ જળવાઈ રહે છે.

**મુખપુષ્ટ રંગોળી ડીઝાઈન**
**ત્વેશા મનીષા નિમીષ શાહ (ઉજળાવાળા)**


# Yoga By Bankim Parikh

**ONLINE YOGA SESSIONS**

**CONNECT WITH YOUR SOUL**

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

**Bankim : 9820434322**
**Shachi : 8097779825**

RELEASE YOUR MIND AND BODY

# દીપોત્સવી

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

આનંદ અને ઉલ્લાસનું મહાપર્વ એટલે દીવાળીનો ઉત્સવ. હજારો વર્ષ પહેલા પ્રાગજ્યોતિષ દેશનો રાજા નરકાસુર પ્રજા ઉપર સિતમ ગુજારતો હતો. સ્ત્રીસૌંદર્ય એની આશક્તિ હતી અને તેથી સ્ત્રીઓનાં અપહરણ કરી એમનાં પર સિતમ ગુજારવા કેદખાનામાં બંધિ બનાવી દીધી હતી. પ્રભુ શ્રીકૃષ્ણએ નરકાસુરનો વધ કરી તે સ્ત્રીઓને મુક્તિદાનની પ્રાપ્તિ કરાવી. તે દિવસ એટલે નરકચર્તુદશી જેને આપણે કાળી ચૌદશ નાં નામે પણ જાણીએ છીએ. નરકાસુરનાં કાળા કેરમાંથી પ્રજા મુક્ત થઈ. પ્રજાએ હરખઘેલા થઈ ઉત્સવ મનાવ્યો. અમાસની ઘોર અંધારી રાત્રીમાં પણ આનંદ અને ઉલ્લાસનું મોજું ફરી વળ્યું. ઘરે-ઘરે દીવડાની જ્યોત પ્રગટી ઉઠી અને અમાસ જાણે પૂનમાં બદલાઈ ગઈ. આમ ત્રાસ અને અત્યાચારમાંથી મુક્ત થયાનાં આનંદ અને ઉલ્લાસનું પ્રતીક એટલે દીપોત્સવી. પ્રગટેલી જ્યોત એટલે પ્રગટેલા દીવડાની પ્રકાશમય રાત. જીવનમાં વ્યાપેલા નિરાશાનાં ગાઢ અંધકાર ઉપર આશા અને ઉમંગના પ્રકાશનો વિજય એટલે દીપોત્સવી. એજ દિવાળી. ધંધાનું સરવૈયું કાઢી નફો-નુકશાન જોવાનું, જમા-ઉધાર પાસા તપાસવાનાં, ધંધાદારી કામ કરવાના અને સાથે શાસ્ત્રીય સમજણ છે કે સાથે-સાથે જીવનનું પણ સરવૈયું કાઢવાનો દિવસ એટલે વર્ષનો આખરી દિવસ એટલે કે દીવાળીનો દિવસ. વિતેલા વર્ષ દરમિયાન જીવનની જમા-બાજુ માટે તેમજ કરેલા સત્કર્મો વિચારવાનો દિવસ. આવતા નવા વર્ષમાં સારી પ્રગતિથી તેમજ સત્કૃત્યોની જમાબાજી જળવાઈ રહે એવી મા સરસ્વતી તેમજ મા લક્ષ્મીજીને પ્રાર્થના કરવાનો સમય એટલે દીવાળીનો સમય. આપણે ત્યાં દિવાળી ના તહેવાર પાંચ દિવસ ઉજવાય છે. ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતુ વર્ષ અને ભાઈબીજ. બેસતું વર્ષ એટલે બલિપ્રતિપદા. બલિરાજા એક આસુરી રાજા હતો પરંતુ એ ઘણા ગુણો પણ ધરાવતો હતો. આ ગુણોની યાદમાં વામન ભગવાને દિવસ નક્કી કર્યો. એ દિવસ એટલે બલિપ્રતિપદા. આ દિવસ એટલે આપણું બેસતુ વર્ષ. નવા વર્ષના મંગળ પ્રારંભ ગુણ પૂજનનાં શુભ સંકલ્પનાં પ્રતિકને ધ્યાનમાં રાખી ઉજવાતો દિવસ એટલે બેસતું વર્ષ. દીપ પ્રગટાવી જીવન-રાહ શોધવાનો દિવસ અને શોધાઈ જાય ત્યારે બેસતા વર્ષનાં મંગળ પ્રભાતે, શુભ સંકલ્પ કરી મક્કમતાથી નિર્ધારિત કરેલા માર્ગ ને પંથે આગળ વધવાની કોશિષનાં પ્રયત્નનો દિવસ. બેસતા વર્ષનાં મંગળ સોનેરી પ્રભાતનાં આશાનાં કિરણોનો સંદેશ. સોનેરી પ્રભાતનાં કિરણો વચ્ચે સંસ્કારનો દિવડો પ્રગટાવવાનો દિવસ. માંગલ્ય સર્વત્ર શુભ અને જ્યાં શુભ ત્યાં આરોગ્ય નાં સ્પંદનનો તેમજ ધન સંપદાના શ્લોકના વર્ણનો. આમ જ્ઞાનરૂપી દીપ પ્રગટતાં જ દુરાચરણનો નાશ. આ જ છે દીપ-દિવાળીનો અતૂટ સંબંધ. માનવા જેવી વાત છે કે એક દીવડાની જ્યોત હજારો દીવડા પ્રગટાવી શકે પરંતુ એક વિજળીથી ચાલતો બલ્બ રોશની કદાચ વધુ આપતા હોય પરંતુ બીજા બલ્બને રોશન કરી ન શકે. આજનાં યંત્રયુગમાં દીવડાની પ્રગટેલી જ્યોત પાછળનો 'ભાવના' શબ્દ ભૂલાઈ જ ગયો છે. રોશનીની આવશ્યકતા ટ્યુબ લાઈટ સાચવી લે છે પરંતુ એક દીવડાની રોશની હજાર દીવડાની વાટને રોશન કરી શકે છે. અર્થાત મંગળ પ્રભાતે પ્રગટેલી દીવડાની જ્યોત હજારો માનવ હૃદયમાં જ્ઞાન-વિચારોની રોશની ઝગમગાવી શકે છે. દીવડાની જ્યોત હંમેશા પવિત્રતા નો પ્રકાશ રેલાવે છે જ્યારે બલ્બનો પ્રકાશ ફક્ત પ્રકાશ પથરે છે. માનવ સર્જીત કુત્રિમતાનાં જ અજવાળા પાથરે છે. ન કોઈ દીપ, ન કોઈ દર્શન. પ્રગટેલા દીપનો સંબંધ વંદન

અને પ્રાર્થના સાથે જોડાયેલો રહે છે જ્યારે વિજળીનો બલ્બ ફક્ત રોશની પાથરવા સાથે જ જોડાયેલો હોય છે. ઘણાં માનવ મન વિચારતા હશે કે વિજળીનાં દિવાની મદદ મળતી હોય તો શા માટે મોંઘા ભાવનું ઘી બાળી દીવડો પ્રગટાવવવો ? આપણને તો રોશની જ જોઈએ છે ને ? અહીં શાસ્ત્ર જ્ઞાન ખૂબ વૈજ્ઞાનિક અર્થ સમજાવે છે. ઘીનાં દીવાની જ્યોત જાણે પોતાનામાંથી જ પ્રગટતી હોય એવો પવિત્ર આભાસ થાય છે. જ્યારે વિજળીનાં દીવાની જ્યોત યાંત્રિક લાગે છે. ઘીનો દિવડો ટમટમે છે તેથી એનું અજવાળુ ભાવ-ભીનું પ્રતીત થાય છે જ્યારે વિજળીનો બલ્બ શુષ્ક લાગે છે. ઘી નો દીવડો અંધકારની આસપાસ તેજનાં વર્તુળ નિર્માણ કરે છે. જ્યારે વિજળીનાં દીવડાઓ ફક્ત વિવિધ રંગોની રોશની પ્રદર્શિત કરતા રહે છે. ઘી થી પ્રગટેલા દીવડાઓ માનવીને જીવનસંદેશ આપે છે. શીખ એ છે કે માનવ જાતે પોતાનાં જીવનની વાટ બનાવવી જોઈએ. સમગ્ર શક્તિમાં 'ઘી' ની જેમ સ્નિગ્ધતા ઉછેરવી આવશ્યક છે. જીવનની વાટને એમાં પલાળી જાતે બળી બીજાને પ્રકાશ આપવાની વાત છે. સૂર્યદેવ અસ્ત થતાં સાત્વિક રોશની આપવાનું સ્થાન કોણ લઈ શકે ? વિજળીનો દીવો ? વિજળી એકાએક બંધ થતાં રોશની આપવાનું સ્થાન કોણ લઈ શકે ? સસ્તુ માટીનું ઘી ની વાટ ભરેલું કોડિયું જ ને ? દીપદર્શનની પ્રથાને પૂર્વજો એ એટલે જે ભાવ ભર્યું સ્થાન આપ્યું હતું. તેથી તેઓ દીપ પ્રગટાવી શ્લોક બોલતા : શુભં કરોતિ કલ્યાણમ્ : આરોગ્યં ધનસંપદા, શત્રુ બુદ્ધિ વિનાશાયઃ દીપજ્યોતિર્નમોસ્તુતે ! અર્થાત : 'હે દીપજ્યોતિ, તું અમારું શુ કરનાર, કલ્યાણ કરનાર, આરોગ્ય અને ધનસંપદા આપનાર, શત્રુબુદ્ધિનો વિનાશ કરનાર છે. હે દીપજ્યોતિ તને નમસ્કાર, હે દીપજ્યોતિ : તું જ પરબ્રહ્મ છે. તું જર્નાદન છે. તું અમારા પાપને હરે છે. તને નમસ્કાર. દીવાળી અને દીપદર્શનનો સંબંધ જાણે કે કૃષ્ણ-રાધાનો સંબંધ.


# TOOTH & TOT

**25% Discount**

## DENTAL STUDIO AND PAEDIATRIC CLINIC

**Dr. Rashi Dharia**
B.D.S. (GDC MUM)
Cosmetic Dentist and Implantologist

**Services Offered :**
- Dental Checkup with Intra-Oral Cahera
- Implants
- Single Sitting Root Canal
- Zoom Teeth Whitening
- Dental Jewellery
- Braces
- Dentures
- Smile Rehabilitation and Aesthetics
- Preventive Paediatric care
- Surgical Extraction

**Dr. Devansh Dharia**
M.D. Paediatric (MUM) (Special Packages for N.R.I.)
Cosultant Paediatrician and Neonatologist at
Shri H.N. Reliance Foundation Hospital

**Services Offered :**
- Complete Immunisation with Packages
- Well Baby Clinic
- Paediatric Growth + Development Assessment
- Infectious Diseases
- Child Allergies and Skin Problems
- Speech and Language

Shop No.51, Panchratna Building, Ground Floor, Next to Popley Jewellers,
Charni Road (East), Mumbai - 400004 - Timing : Monday to Saturday - 10.00 a.m. to 08.00 p.m.
*Sunday by Appointment*

**For Appointment Contact No. 9619674227 / 9833556905**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

## ૭૦ મો વાર્ષિક રસોત્સવ

મુખ્ય મહેમાન

## શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆ (મૅચવેલ)

**આનંદ સાથે જણાવવાનું કે શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆ (મૅચવેલ)** તરફથી રસોત્સવ પ્રસંગે સંસ્થાને **રૂપિયા ૧,૫૧,૦૦૦/-** નું માતબર દાન પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરફથી આ કાર્યક્રમ માટે વૅલકમ-સ્વીટ પ્રદાન કરવામાં આવી છે. સંસ્થા, આપણા મુખ્ય મહેમાન તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી** — **અલ્પેશ ધારીઆ**

**પ્રમુખ** — **સમીર ગાંધી**

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની નવી વેબસાઈટ ચાલુ થઈ ગઈ છે**

**વેબસાઈટ :www.balasinor.in**

આ વેબસાઈટ પર જઈ તમે સંસ્થાની માહિતી પ્રાપ્ત કરી શકો છો. સંસ્થાની સર્વ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓ, સમાજ માટેના કાર્યોની વિસ્તૃત માહિતી આ વેબસાઈટ પરથી મેળવી શકો છો. માહિતીના આદાન-પ્રદાન દ્વારા તમે સંસ્થાને મદદરૂપ થઈ શકો છો.

**મંત્રી** — **અલ્પેશ ધારીઆ**

**પ્રમુખ** — **સમીર ગાંધી**

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## વિદેશમાં પોસ્ટ કરાતાં 'જ્યોતિપુંજ' બાબત

આ સાથે જણાવવાનું કે કોરાના કાળ પછી સરકાર તરફથી મળતી સબસીડી જેવી સુવિધાઓ પોસ્ટ ઓફિસમાં બંધ કરી દેવાઈ છે. જેને લીધે વિદેશમાં પોસ્ટ કરાતાં 'જ્યોતિપુંજ'નો ખર્ચ મોંઘવારીને લીધે ઘણો વધી જાય છે. તેથી 'જ્યોતિપુંજ' વિદેશમાં પોસ્ટ કરી શકાતાં નથી.

જેને પણ વિદેશમાં પોતાના સરનામે 'જ્યોતિપુંજ' જોઈતું હોય તેના માટે નીચે મુજબ ભાવ (રકમ) દર્શાવેલા છે.

**Registeted Post Rs. 1000/- for 3 months (January 2024 to March 2024)**
**Rs. 4000/- for 12 months (April 2024 to March 2025)**

વધુ વિગતો માટે અલ્પેશ ધારીઆનો સંપર્ક કરવો. મો. - ૯૮૨૧૧૧૦૭૪૭

**વિદેશની ધરતી પર મોજથી 'જ્યોતિપુંજ' વાંચો અને વંચાવો.**

**મંત્રી** — **અલ્પેશ ધારીઆ**

**પ્રમુખ** — **સમીર ગાંધી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રી દક્ષેસભાઈ - મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) અને**
**શ્રીમતી કુસુમબેન નવનીતલાલ શાહ (અહોડી) પુરસ્કૃત**

# આંતરિક રમત-ગમત ૨૦૨૩ - ૨૦૨૪

## મુંબઈ વિભાગ સ્પર્ધાના નામો

**(૧) કેરમ સીંગલ્સ** **(૨) કેરમ ડબલ્સ**
**(૩) કેરમ સુપરહિટ મુકાબલા** **(૪) ચેસ**

કન્વીનરને ગેમ રદ કરવી અથવા બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૧૦.૧૨.૨૦૨૩, રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી.રોડ, પોલીસ સ્ટેશન સામે, મુંબઈ - ૪૦૦૦૦૪ ખાતે શરૂ થશે. કેરમની બધી જ ગેઈમ્સ રમાડવામાં આવશે. શક્ય હશે તો તેજ દિવસે ચેસની રમત રમાડવામાં આવશે.

**જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તેઓએ નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.**

**(૧) અજીત નવટરલાલ મોદી - ૯૮૬૯૦૨૯૪૮૬** **(૨) કિંજલ પંકજ પરીખ - ૯૮૨૦૮૧૫૫૮૪**
**(૩) ચિંતક પંકજ પરીખ - ૯૩૨૪૩૧૦૪૭૩** **(૪) નિલ્પેશ વસંત મોદી - ૯૮૨૦૦૨૩૯૨૦**
**(૫) નિરવ જયેન્દ્ર દેસાઈ - ૯૩૨૩૮૪૬૮૪૨**

**એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે.**

**નોંધ : જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક - ચિરાગ કી. કડકીઆ (૯૮૨૦૧૫૪૩૧૪)**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર**

# દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત તેરમા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈમાં વસતા કુટુંબોને તારીખ ૨૪-૧૦-૨૦૨૩ થી તા. ૦૪-૧૧-૨૦૨૩ સુધી **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** કાર્યાલય ખાતેથી નીચે જણાવેલ સમય દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય આપવામાં આવશે. બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને મણિકાંતભાઈ કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશન સામે, મુંબઈ - ૪૦૦ ૦૪**

**સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ કલાક**

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક : અજય પ્રવિણચંદ્ર દોશી (૯૮૧૯૩૪૨૮૫૬)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત

## ઉપનગર વિભાગ

**સહદાતા (૨૦૨૩ - ૨૦૨૪) તથા મુખ્ય મહેમાન**

**શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)**

**હસ્તે શ્રીમતી મોના નિલેશ શાહ અને શ્રીમતી કિંજલ મયુર શાહ**



## દાંડિયા રાસ



**રવિવાર, તા. ૫-૧૧-૨૦૨૩, સમય સાંજે ૫.૩૦ કલાક.**

**સ્થળ : શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, શ્રવણ નગર, ગૌરવ હાઈટ્સની સામેની ગલી, કાંદિવલી (વેસ્ટ), મેટ્રો સ્ટેશન, ન્યૂ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.**

**નોંધ : ગાડી તથા સ્કૂટરનું પાર્કિંગ હોલના કમ્પાઉન્ડમાં મળશે.**

**દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે. આવનાર દરેક જણને ઠંડા પીણાની કુપન આપવામાં આવશે.**

**આ સાથે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના હેઠળ ઉપનગર વિભાગમાં રહેતા વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવશે. જેમાં નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ની પરીક્ષાનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પૂરું નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૧૫-૧૦-૨૦૨૩ સુધીમાં નીચે જણાવેલ મુજબ સભ્યોનો સંપર્ક કરવો અને માર્કશીટ મોકલી આપવા વિનંતી.**

ભોજનની કુપન રૂા. ૧૫૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે.
કુપન તા. ૨૦-૧૦-૨૦૨૩ થી ૦૩-૧૧-૨૦૨૩ સુધી નીચે જણાવેલ કાર્યકર્તા અથવા સંસ્થાની ઓફિસમાંથી લઈ લેવા વિનંતી.

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ-૪
૨) **શ્રી મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા) :** ૧૬-બી/૧, શ્રી બળવંત હાઉસિંગ સો.લી., ગ્રાઉન્ડ ફ્લોર, ગોવિંદ નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ, (મો.) ૭૦૨૧૩૩૯૯૩૭
૩) **શ્રી વસંત નટવરલાલ દેસાઈ :** એ-૩૦૩, શ્રી શત્રુંજય, પટેલ નગરની પાછળ, એમ.જી. ક્રોસ રોડ નંબર-૪, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭. (મો) ૯૮૨૧૦૫૪૩૨૯
૪) **શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી :** ૬/૨૦ મલાડ હાઉસિંગ સોસાયટી, ૪ થે માળે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ. (મો.) ૯૦૦૪૬૨૧૦૬૨.
૪) **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** બી-૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ. (મો) ૯૮૧૯૩૪૨૮૫૬

| મંત્રી | સંયોજક |
|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા) |

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી તથા
શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

## સહદાતા (૨૦૨૩ - ૨૦૨૪) તથા મુખ્ય મહેમાન

**શ્રીમતી નીતાબેન પ્રકાશભાઈ ધારીઆ (શહેરાવાળા)**

### આગામી કાર્યક્રમ

## દિવાળી સ્નેહ સંમેલન - DIGITAL GAME SHOW

**તા. ૨૩-૧૧-૨૦૨૩, ગુરુવાર સમય : બપોરે ૪ થી ૭ સ્થળ : ગરવારે કલબ, BCA, વાનખેડે સ્ટેડિયમ, ડી. રોડ, ચર્ચગેટ**
**ડ્રેસ કોડ : Indowestern - આ કાર્યક્રમનાં પાસના રૂપિયા : ૨૫૦/- રાખવામાં આવ્યાં છે.**

આ કાર્યક્રમના પાસ કોઈપણ કમિટી મેમ્બર્સને પાસની રકમ તથા મેમ્બરશીપ કાર્ડ તા. ૨૭-૧૦-૨૦૨૩, શુક્રવાર પહેલાં આપી લઈ લેવા. દિવાળી આવતી હોવાથી ઉપર જણાવેલી તારીખ પહેલાં લઈ લેવા અથવા ૨૭-૧૦-૨૦૨૩ના રોજ બપોરે ૩.૦૦ થી સાંજે ૫.૦૦ સુધીમાં આપણી સંસ્થાની ઓફિસમાંથી લઈ લેવા વિનંતી. છેલ્લી તારીખ પછી કોઈપણ સંજોગોમાં પાસ આપવામાં નહી આવે તેની ખાસ નોંધ લેવી.

**સંસ્થાનું એડ્રેસ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વિલ્સન સ્કૂલ, વિલ્સન સ્ટ્રીટ, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**ખાસ નોંધ :** આ કાર્યક્રમના દિવસે અગિયારસ આવતી હોવાથી આપણું હાઈ-ટી મેન્યુ ફરાળી વાનગી સાથેનું રાખવામાં આવ્યું છે તેની નોંધ લેવી.

આ કાર્યક્રમ તેમજ આવનારા દરેક કાર્યક્રમમાં મેમ્બરશીપ કાર્ડ સાથે લાવવું જરૂરી અને ફરજિયાત છે.

**મંત્રી : અલ્પેશ ધારીઆ** **સંયોજક : મનીષા કડકીઆ (૯૯૨૦૩૭૩૧૧)**

## દિવાળી બક્ષિસ

સહર્ષ જણાવવાનું કે એક અનામી દાતા તરફથી ૮ મા વર્ષે પણ અન્ન તથા આર્થિક સહાય લેતાં કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૭૫૦/- આપવામાં આવશે.

એક વૈષ્ણવ તરફથી પાંચમી વાર અન્ન તથા આર્થિક સહાય લેતાં કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૧૦૦૦/- આપવામાં આવશે.

એક વૈષ્ણવ તરફથી પ્રથમવાર અન્ન તથા આર્થિક સહાય લેતાં કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૧૦૦૦/- આપવામાં આવશે.

શ્રીમતી દિપિકાબેન પંકજભાઈ ધારીઆ (લાલખા) તરફથી અન્ન તથા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબ દીઠ રૂા. ૩૦૦/- આપવામાં આવશે.

**કુલ રૂપિયા ૩૦૫૦/- આપવામાં આવશે.**

આ સહાય મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૧-૧૧-૨૦૨૩ થી ૭-૧૧-૨૦૨૩ સુધી બપોરે ૧૨.૦૦ થી ૫.૦૦ કલાકના સમયમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનાં કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

બહારગામ વસતા કુટુંબોને મની ઓર્ડરથી મોકલવામાં આવશે. બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીઆની દુકાનેથી આપવામાં આવશે.

સર્વ દાતાઓનો આભાર. **લી. સૌમીલ જીતેન્દ્ર મોદી (૯૯૨૦૨૧૩૪૨૬)**

II Shree Ganeshay Namah II

**Dipesh Desai : 9821115849**
**8850333537**

**SERVING SINCE 1989**

**Harsh Desai : 7977911412**
**9819158669**

# TRADE LINK

**Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | ATCAB | COMPAQ**
**Stockiest : ABB & Siemens**

**AJMERA**
Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.

**HENSEL**
**PASSION FOR POWER**
Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.

**walther**
Plug & Sockets, Interlock Switch Socket.

**HPL**
Onload Changeover Switch, ATS, MCCB, Contactors, ACB, Switch Disconnector Fuse.

**ATCAB®**
IP 68 Brass Cable Glands (PG, Metric, Single/double Compression)

**ABB**
MCB (10KA), RCCB, Isolator & Distribution Board.

**SIEMENS**
MCB (6KA), RCCB, Isolator & Distribution Board.

**COMPAQ**
CONNECTING POWER
Cable Jointing Kit & Termination Kit.

**Sales Office:** 209, 2nd Floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai - 400002.
**H.O. :** 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 6933 3231 • **E-mail :** tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

*Premium Top-up Mediclaim Policy with cheapest price for all ages...*

*Premium for Rs.10,00,000 Policy of Rs.1 lakh Dedcutible*

**એક વ્યક્તિ યોજના**

Age 71-75 > Rs.22,664/-
Age 66-70 > Rs.20,261/-
Age 61-65 > Rs.16,924/-
Age 56-60 > Rs.13,587/-
Age 51-55 > Rs.10,507/-

**પતિ-પત્નીની સંયુક્ત યોજના**

Age 71-75 > Rs.36,401/-
Age 66-70 > Rs.32,557/-
Age 61-65 > Rs.27,219/-
Age 56-60 > Rs.21,879/-
Age 51-55 > Rs.16,950/-

**તમારી હાલની પોલિસી અમારી પાસે ટ્રાન્સફર કરવાની સુવિધા ઉપલબ્ધ છે**

**Hardik Nalin Suthar**
**Call - 8655886011 / 9769454999**

# પ્રેમ

✍ **કિરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

જો સાચો પ્રેમ આપશો, તો તમને સાચો પ્રેમ મળશે. સંપૂર્ણ પ્રેમ આપે તો સંપૂર્ણ પ્રેમ મળશે. સંપૂર્ણ, નિસ્વાર્થ, માગણી વગરનો પ્રેમ કે જેમાં ટીકા કે તિરસ્કાર ન હોય, પણ શુભેચ્છા હોય. જો એ વ્યક્તિ 'દૈવી યોજના પ્રમાણે નિર્માયો નહિ હોય, તો ઉત્તમ સ્થિતિનું સર્જનની જરૂર નહિ રહે. હૃદયપૂર્વક પ્રયત્ન જેમાં ક્રૂરતાથી વ્યથિત ન થવાથી, સામો વ્યક્તિની ક્રૂર વર્તન મટી જવાના સર્જન થઈ શકે અને પોતાની જ લાગણીઓને કારણે, તમારા ભણી ખેંચાઈ શકે. એકબીજાને મળે ત્યારે 'નમસ્તે' કરવાથી સમજાશે કે જંગલી પ્રાણીમાં ઈશ્વરના ઘડતરવાળા પ્રાણીઓ હાનિ કરતાં નથી. જેથી દિવ્ય સ્વરૂપે જોઉં ઉત્તમ છે.

એક જૂની કહેવત છે કે કોઈ માણસ તમારો દુશ્મન નથી, કોઈ માણસ તમારો મિત્ર નથી. દરેક માણસ તમારો ગુરુ છે. એટલે માણસે બિનઅંગત બનીને, બીજાએ તેને જે શીખવાનું છે. તે શીખવું જોઈએ. હવે પછી ના લેખમાં અંતઃસ્ફૂરણ કે માર્ગદર્શન માટે જણાવશું.

દુઃખ માણસના વિકાસ માટે જરૂરી નથી; એ તો આધ્યાત્મિક નિયમના ભંગનું પરિણામ છે પણ મોટા ભાગના લોકો દુઃખ ન પડે ત્યાં સુધી આત્મનિદ્રામાંથી જાગતા નથી. લોકો સુખી હોય છે ત્યારે સાધારણ રીતે સ્વાર્થી બની જાય છે, અને પછી કર્મનો સિદ્ધાંત કામ કરવા લાગે છે.

હા, લોકો જે માગતા હોય તે જ તેમને મળે છે, અને દુઃખી થાય છે પોતાના જ આગળના વિચારો ને બોલવાથી, વાગોળવાથી અને વારંવાર બીજાઓને વ્યતિત કરતા રહેલા કથનો જે મનમાં ઘર કરી બોલાવે છે, તે જ બ્રહ્માંડ તેને તેના સંવાદો તેના જીવનમાં થવાની શક્યતા ઉભા કરે છે. જે માણસ પૈસાને તિરસ્કારતો હોય તે કદી પૈસાદાર ન થઈ શકે, તો એની જ ઈચ્છાઓ એને સફળ દેવા નથી દેતી.

સમૃદ્ધિ એ પણ ઈશ્વરનો જ આવિર્ભાવ છે. જરૂરિયાત અને મર્યાદામાંથી મુક્તિના સ્વરૂપે, પણ ધન હંમેશા ફરતું રહેવું જોઈએ અને તેનો સદુપયોગ થવો જોઈએ. સંઘરા ખોરી અને બચત વેર અને બદલો ન લેવાય, તે માટે માણસ જ્યારે પૈસાને આનંદપૂર્વક અને નિર્ભયતાપૂર્વક વર્તવાથી વધુ સમૃદ્ધિના આગમન માટે દરવાજો ખોલી નાખે છે કારણ કે આધ્યાત્મિક વલણ અને વિશ્વની મહાન બેન્ક કદી તૂટી પડતી નથી તે સૌ જાણે છે.

જુદાઈ અને ખોવાનો, વિયોગમાં માનવાનો ઈન્કાર કરતાં આનંદ, પ્રેમ અને શાંતિનું કેન્દ્ર પરમાત્મા છે તે ખૂબ જ યોગ્ય છે પરંતુ મનુષ્યને પોતાના દુઃખ અને અફસોસને વળગી રહેવાનું ગમતું હોય છે. સાથે પોતાની મુશ્કેલીઓ વિશે મોટી મોટી વાતો કરવી ખૂબ ગમતી


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

હોય છે એટલા માટે થતી માંદગી તેમજ અકસ્માતની ચિંતા અને ભયના વિવિધ રોગ કે વિષમ પરિસ્થિતિનાં ચિત્રો મન પર અંકિત ન કરવા જોઈએ. આ ચિત્રોને ભુંસી નાખવામાં ન આવે તે બાહ્ય આકાર ધારણ કરે છે.

એ જ સુખી છે, જે ભગવાનના હાથમાં સોંપી અને ઈચ્છે કે તેમનું ભગવાન રક્ષણ કરે અને સંપૂર્ણ પ્રેમ ભયનું નિર્મૂળ કરે છે, તે પોતાના જીવનમાંથી મુક્ત થઈ જીવે કે 'આપ ભલા તો જગ ભલા'. જે કાંઈપણ થાય છે તેમાં કોઈ ત્રીજી વ્યક્તિનો દોષ નથી, પણ આપણે જ દોષી છીએ અને આપણે જ ઈશ્વરને સોંપી, જીવનને શાંતી, સ્નેહ અને પ્રેમથી જીવવું જે ઈશ્વરે અમૂલ્ય આપ્યો છે.

પૈસા બધા અનિષ્ટોનું મૂળ છે એમ કહેવામાં આવે છે. 'લોભ' એ અત્યંત અનિચ્છનીય છે. પ્રેમ કરતાં જ્યારે પૈસો પૂજાય અથવા મહત્વતા આપવામાં આવે ત્યારે તેની પાછળ રોગ અને આપત્તિ પ્રબળ થાય છે અને વેડફવા પડે છે.

પ્રેમનો રસ્તો ગ્રહણ કરો, બીજું બધું જ આવી મળશે, કારણ કે પ્રેમ ભગવાન છે અને સામગ્રીનો સ્ત્રોત પણ તે જ છે. વસ્તુઓના ઉપયોગના પણ નિયમો હોય છે. નિયમથી અજ્ઞાત માણસ પોતાનો જ વિનાશ નોતરે છે.

બધા રોગ, બધુ દુઃખ પ્રેમના નિયમોનો ભંગ કરવાથી આવે છે. અત્યારે તો પ્રેમ એક ખોવાઈ ગયેલી કળા છે, પણ આધ્યાત્મિક નિયમનું જ્ઞાન ધરાવતો માણસ જાણે છે કે એ પાછી મેળવવી જોઈએ. એના વિના માણસ, માણસ હોતો નથી.

ઘણીવાર લોકોને ભૂતકાળમાં કદાચ વરસો પહેલાં કોઈના પ્રત્યે આચરેલ કટુ વર્તન માટે ખૂબ અફસોસ થતો હોય છે, એ ઘટનાને સુધારી શકાય તેમ ન હોયતો વર્તમાનમાં કોઈના પ્રત્યે ભલાઈ દાખવીને એ અસરો ભૂંસી શકાય છે. અફસોસ, રંજ, શોક શરીરના કોષોનું ધોવાણ કરે છે અને માણસના વાતાવરણને વિષમય બનાવી દે છે.





Eye Specialist

**Dr. Mukti Shah**

MBBS, DNB, FICOphthalmology (London, U.K.), FMR



# Complete Advanced Eye Care

**Treatments We offer :**

- Advanced Cataract Surgery (Phaco)
- Lasik, PRK
- Medical Retina Treatment
- Diabetic / Hypertensive Retinopathy Treatment
- Retinal Injections
- Retinal Lasers
- ROP Screening and Lasers
- Dry Eye disease Management
- Glaucoma Evalution



**Clinic Timings**
*Monday to Saturday*
10 a.m. to 1 p.m.
5 p.m. to 8 p.m.

***For appointments***
**call us on 96533 92265**

*-: Address :-*
**Healer's Clinic**
Office No. 3, 1st Floor, Almas House,
Millat Nagar External Road,
Opp. Gate No. 2, Near Oh My Dogs Cafe,
Oshiwara, Andheri (West), Mumbai - 400 053

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી તથા
શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

સહદાતા (વર્ષ ૨૦૨૩-૨૦૨૪)

શ્રીમતી નીતાબેન પ્રકાશભાઈ ધારીઆ (શહેરાવાળા)



## દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ

મુખ્ય મહેમાન :
શ્રીમતી નીતાબેન પ્રકાશભાઈ ધારીઆ (શહેરાવાળા)

બાલાસિનોર દશાનિમા વણિક જ્ઞાતિનાં વૈષ્ણવ પિતાશ્રી નવટરલાલ ઓચ્છવલાલ પારેખ તથા માતુશ્રી તારાબેન (સેવક) નવટરલાલ પારેખનાં ઘરે બાલાસિનોર મુકામે નીતાબેનનો જન્મ ૧૯૫૯માં થયો હતો. તેઓએ બાલાસિનોરની શાળામાં ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો હતો. પછી મુંબઈ ખાતે વિલ્સન કોલેજમાંથી B.A. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. પિતૃપક્ષે તેઓને ભાઈશ્રી અજયભાઈ નવટરલાલ પારેખ અને ભાભી કલ્પનાબેન છે. તેઓએ સ્વ. કલાવતીબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા) ના સુપુત્ર શ્રી પ્રકાશભાઈ (B.Arch.) રમણલાલ ધારીઆ સાથે ૧૯૭૮માં લગ્નગ્રંથીથી જોડાઈ મુંબઈમાં કાયમી નિવાસ કર્યો. નીતાબેનનાં પરિવારમાં બે પુત્રો છે. ડૉ. તેજસભાઈ ધારિઆ (M.D. Radiology) તથા શ્રી અંકિતભાઈ ધારીઆ (BE Civil), પુત્રવધુ ડૉ. અરૂણા તેજસ ધારીઆ (Master in Physiotherapy) તથા શ્રીમતી માનસી અંકિત ધારીઆ (P.G.P. in Human Resources) તથા પૌત્ર પૃથ્વી, કવીર અને પનવ તથા પૌત્રી ધ્રુહી છે. નીતાબેન સ્વભાવે શાંત અને મિલનસાર, ધર્મિષ્ઠ, કુટુંબવત્સલ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ લગ્ન જીવનનાં સફળ ૪૫ વર્ષનાં સુખી સંસાર સાથે હંમેશા પતિ તથા પુત્રોની ઉન્નતિનું કારણ બન્યા. આજે ૬૪ વર્ષે તેઓ બે પેઢી સાથે આનંદિત જીવન જીવે છે. આવા કોમળ સ્વભાવનાં નીતાબેન દિવાળી સ્નેહ સંમેલનનાં મુખ્ય મહેમાન બનીને તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના સંપૂર્ણ વર્ષના મહિલા વિભાગનાં દરેક પ્રોગ્રામનાં સહદાતા બનીને મહિલા વિભાગને ઋણી કર્યું છે. આવા ઉદારદિલ દાતા માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા મહિલા વિભાગ તેમનો તથા તેમનાં કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

**શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત**

## ૭૦ મો વાર્ષિક રસોત્સવ

**મુખ્ય મહેમાન**

## શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆ (મૅચવેલ)

નવું નાટક




**: તારીખ :**
**૨૬-૧૧-૨૦૨૩, રવિવાર**

**: સમય :**
**સવારે ૯.૦૦ કલાક**

**: સ્થળ :**
**બિરલા માતૃશ્રી સભાગૃહ**

**: ટિકીટનું વિતરણ:**
**તા. ૧૯-૧૧-૨૦૨૩**
**: સમય :**
**સવારે ૯.૦૦ થી ૧૧ કલાક**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે**

- **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ-૪
- **વાંદરા થી ગોરેગામ : અજય પ્રવીણચંદ્ર દોશી : મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬,** બી ૧/૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, એક્ષ્ટે.-૧, સૂર્યા નર્સીંગ હોમની સામે, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮
- **મલાડ : કમલેશ ચંદ્રકાંત દોશી : મોબાઈલ : ૯૦૦૪૬૨૧૦૬૨,** ૬/૨૦ મલાડ હાઉસિંગ સોસાયટી, ૪ થે માળે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ.
- **કાંદિવલી : સન્ની સંજય ગાંધી : મોબાઈલ : ૯૯૩૦૮૪૭૬૩૦,** એ/૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
- **બોરીવલી : તેજશ હેમેન્દ્ર શાહ : મોબાઈલ : ૯૩૨૪૩૫૦૭૩૫,** સી/૩૦૨, સુમેર નગર, કોરા કેન્દ્રની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.

**નોંધ : વધેલી ટિકીટો નીચેના સ્થળેથી પ્રાપ્ત કરવી**
**સમીર જયેન્દ્ર ગાંધી - મોબાઈલ : ૯૮૨૧૨૩૪૩૦૬ :** નિકોશી ટ્રેડીંગ કાં., ૧૨/૫ અજમેરા હાઉસ, ૧ લે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, જી. ટી. હોસ્પિટલની સામે, મુંબઈ - ૨. **સમય : બપોરના ૨ થી ૪ કલાકે**

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**પ્રશાંત સુરેશચંદ્ર પરીખ**



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

## ૭૦ મો વાર્ષિક રસોત્સવ

### મુખ્ય મહેમાન

## શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆ (મૅચવેલ)

શ્રી કિરીટભાઈ રમણલાલ ધારીઆના પિતાશ્રી એટલે રમણલાલ મગનલાલ ધારીઆ તથા માતુશ્રી એટલે શાન્તાબેન ભીખાલાલ મોદી (મોટાબાલી). તેમના લગ્નજીવનના પરિવારમાં પાંચ પુત્રો તથા બે પુત્રી. સૌથી મોટા પુત્ર એટલે શ્રી કિરીટભાઈ, જન્મ તા. ૬-૭-૧૯૪૩ ના રોજ બાલાસિનોર મુકામે.

કિરીટભાઈને બધી રમતો અને સોશ્યલ પ્રવૃત્તિનો બચપણથી શોખ હતો. બાલાસિનોરમાં દાદાજી ભીખાલાલના ઘોડા પર સવાર થઈ ખેતરો ખુંદવાનો અને કુદરતના સાનિધ્યમાં રહેવાનો અનન્ય લાભ મળ્યો. માનીતી રમત ક્રિકેટ માટે મુંબઈમાં ટીમ બનાવી, મિત્રોના સહકાર સાથે બાલાસિનોર મુકામે રમાડવાનું સ્વપ્ન સાકાર કર્યું. આ કાર્યને શ્રી બાલાસિનોર નવયુવક સંઘે બિરદાવી તેને વેગ આપ્યો. મુંબઈમાં સિધ્ધાર્થ કોલેજમાંથી B.Com. થયા. સાથે પિતાશ્રીના ઈલેક્ટ્રીકના કૌટુંબિક ધંધામાં અનુભવ લઈ પોતાના પરિવારને સાથે રાખી ધંધો શરૂ કર્યો. તેઓએ તા. ૨૩-૨-૧૯૬૫માં શ્રીમતી મધુબેન તથા શ્રી નટવરલાલ ઓચ્છવલાલ પરીખની સુપુત્રી પ્રતિમા સાથે પ્રભુતામાં પગલાં પાડયા. તેમના દાંપત્ય જીવનમાં એક વ્હાલસોયો દિકરો એટલે સંજીવ અને વ્હાલસોયી દિકરી એટલે સોનાલી. મુંબઈમાં બધા વસે છે.

સંજીવભાઈના લગ્ન શ્રીમતી પુષ્પાબેન અને શ્રી નવીનચંદ્ર ચીમનલાલ પરીખની સુપુત્રી પારૂલ સાથે થયા. સોનાલીબહેન, શ્રીમતી હંસાબેન તથા શ્રી અનિલભાઈ મહેતાના પુત્ર શ્રી ધર્મેશકુમાર અનિલભાઈ મહેતા સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ધ્વનિલ ધારીઆ એટલે સંજીવભાઈનો વ્હાલસોયો દિકરો. ક્રિશ ધર્મેશભાઈ મહેતા એટલે સોનાલીનો વ્હાલસોયો દિકરો. કોર્પોરેટ સેક્ટરમાં ધર્મેશભાઈ, ધ્વનિલભાઈ અને ક્રિશભાઈ કાર્ય કરી રહ્યાં છે. ધ્વનિલના લગ્ન શ્રીમતી પ્રેરણા પ્રવિણભાઈ ગુપ્તા સાથે થયા છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં શ્રી કિરીટભાઈના પરિવારમાંથી શ્રીમતી પ્રતિમાબેન મહિલા વિભાગનું પ્રમુખપદ શોભાવી ગરિમાપૂર્ણ કાર્યો સમાજની બહેનો માટે કર્યાં હતા. તેઓ વાસ્તુશાસ્ત્ર અને જ્યોતિષ વિદ્યા પણ શિખ્યા છે. પુત્ર સંજીવે ક્રિકેટ ક્ષેત્ર માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં કમિટીમાં આગવી સેવા પ્રદાન કરી હતી. સાથે સાથે શ્રી સંજીવભાઈએ ઈલેક્ટ્રીકનો પૂર્ણ ધંધો સંભાળી લીધો છે.

શ્રી કિરીટભાઈ સરળ, સ્પષ્ટ વકતા, ઊંચા આદર્શો ધરાવનાર તેમજ ધાર્મિક અને આધ્યાત્મિક છે. તેઓ સમાજના મેગેઝીન 'જ્યોતિપુંજ'માં લેખો આપે છે. પોતાના લખેલા 'પ્રતિક્રમા' પુસ્તકો સમાજમાં અને અન્ય સમાજમાં ભેટ અર્પણ કરી આર્શિવાદ મેળવે છે.

તેઓએ મુંબઈ સ્થિત રેડિયો કલબ, હિન્દુ-જીમખાનામાં પણ ઉદારભાવે સેવા આપી તેમાંથી નિવૃત્ત થયા છે. છેલ્લાં ઘણા વર્ષોથી શ્રી બાલાસિનોર નવયુવક મંડળ, મેડિકલ સેન્ટર અને હાલ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજમાં મેનેજમેન્ટમાં પ્રવૃત્તિમય છે. શ્રી કિરીટભાઈના દરેક કાર્યોમાં એમના પરિવારનો હંમેશા અમૂલ્ય સાથ-સહકાર રહ્યો છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, સંસ્થાના મુલ્યને અનુરૂપ શ્રી કિરીટભાઈ ધારીઆને મુખ્ય મહેમાન તરીકે આવકારતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

**શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને**
**શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ**

**સહદાતા (૨૦૨૩ - ૨૦૨૪)**
**શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)**

# દાંડિયા રાસ

**: મુખ્ય મહેમાન :**
**શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)**

શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) એટલે કે મુ. રજની કાકા (KMGવાળા કાકા) નો જન્મ ઠાસરા ખાતે તા. ૧૪-૬-૧૯૩૭. તારાબેન ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા) ના કુલ ૬ દિકરા અને ૨ દિકરી મા બીજા નંબરે ખૂબ જ આજ્ઞાંકિત સંતાન. પિતાશ્રીને ભણતરની સાથે કાચા અનાજની ઠાસરામાં દુકાનમાં ખૂબ જ મદદરૂપ રહેતા હતા. મેટ્રિક સુધી અભ્યાસ ઠાસરામાં કર્યો અને વલ્લભ વિદ્યાનગર થી સિવિલ એન્જિનિયર ડીગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ સ્વ. પ્ર.ભ.ઈન્દિરાબેન તે સ્વ. પ્ર.ભ. કમળાબેન ચીમનલાલ દેસાઈની સુપુત્રી સાથે લગ્ન ગ્રંથિએ જોડાયા બાદ ગોરા કોલોની ખાતે સહ પરિવાર રહ્યા. તેની સાથે લગ્નજીવનના સહવાસ દરમ્યાન બે દિકરા જેમાં ચિ. નિલેશ અને ચિ. મયુર જેવા સંતાનોના પિતા બન્યા. ચિ. નિલેશના લગ્ન મોના સાથે કરી તેના બે સંતાનોમાં પુત્રી પ્રકૃતિ અને આકૃતિ સાથે મુંબઈમાં રહે છે. ચિ. મયુરના લગ્ન કિંજલ સાથે કરી તેમના એક સંતાનમાં પુત્ર રાહુલ સાથે મુંબઈમાં રહે છે.

શ્રી રજનીકાકા સૌથી પહેલી નોકરી વતન પાસે ૧૯૫૮ -૧૯૬૨ (૪ વર્ષ) વણાકબોરી કેનાલ બાંધી. ૧૯૬૨ -૧૯૬૭ (૫ વર્ષ) સરદાર સરોવર ડેમ માટેના એપ્રોચ રોડ, કેવડિયા ખાતે કોલોની અને ડેમ માટે સંપૂર્ણ સર્વે કર્યો. ત્યારબાદ ૧૯૬૭-૧૯૭૮ (૮ વર્ષ) કડાના ડેમ (મહી નદી પર) બાંધ્યો. ત્યારબાદ વિશેષ પ્રમોશન (Deputy Engineer) મેળવી ૧૯૭૮ - ૧૯૯૦ (૧૨ વર્ષ) સુધી નર્મદા નદી પર વિશ્વની સૌથી વિશાળ પરિયોજના સરદાર સરોવર ડેમ (હાલનું એકતા નગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની) ખાતે ડાયવરઝન રિવર, સલુઈસ ગેટ અને રેડ બોલ ટ્રીટમેન્ટના ખુબ જ ચેલેન્જીંગ કામો કર્યા. વિવિધ પ્રકારના ટેસ્ટ કરી ત્યાંથી સ્પેશીયલી સીલેકસન થી ૧૯૯૦-૧૯૯૫ (૫ વર્ષ) કલાસ વન ઓફિસર (Ex.Engg) તરીકે બાલાસિનોર નજીક આવેલા વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન પાસે વિશ્વના સૌથી મોટા મહીં એક્વાડક્ટનું ખુબ જ ચેલેન્જીંગ કામગીરી ૮૦ ટકા જેવી લગભગ ૫ વર્ષ જોબ કરી પૂરી કરી અને ત્યારબાદ નિવૃત્ત થયા.

૧૯૯૫માં નિવૃત્ત થયા બાદ માદરે વતનમાં ઈ.સ. ૨૦૦૦ માં કે.એમ.જી. હોસ્પિટલ અને બાલાસિનોર વિદ્યા મંડળ અને કેળવણી મંડળની સ્કૂલોમાં જોડાયા. બધી સંસ્થામાં તેમની દેખરેખ હેઠળના બાંધકામ, રીપેરીંગ અને કલરકામ કર્યાં. સુદર્શન તળાવનો નવો ઓવારો, નવો કાંતિ પાર્ક, નવું કેદારેશ્વર મહાદેવ, નવું ઓપેશ્વર મહાદેવ, મદાની શેરીનો ગામ નો પહેલો મજબૂત કોંક્રિટ રોડ, અને મોટા મંદિરમાં રિનોવેશન અને કલરકામ. હાલ નવી અને જૂની કે.એમ.જી. હોસ્પિટલ (૨૦૦ બેડ) સાથે, સાથે બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત (૫૫૦૦ વિદ્યાર્થીઓવાળી) કૉલેજ અને કાન્તિ પાર્કની સંભાળ રાખે છે. નવી હોસ્પિટલ પાંચ માળ (૬૦,૦૦૦ ચો.ફૂટ) નું બાંધકામ ૧૫ મહિનામાં ઊભું કરી પૂરું કર્યું. આવી જ રીતે બાલાસિનોર વિદ્યા મંડળનું નવું મકાન અને કેળવણી મંડળની સ્કૂલમાં નવા બાંધકામ પણ ખૂબ જ ઝડપથી અને કિફાયતી ભાવે બાંધ્યા. જે નવી હોસ્પિટલ (૧૦૦ બેડ) કોવીડ ૧૯ મહામારીમાં કોવીડ હોસ્પિટલ તરીકે ગામમાં ખૂબ જ આર્શિવાદ રૂપ સાબિત થઈ હતી. આપણે સહુ લોકડાઉનના કપરા કાળમાં ઘરે કેદી હતા ત્યારે કાકા એ તેમનો નિત્યક્રમ હોસ્પિટલમાં દરિદ્રનારાયણોની સેવાનો દોર ચાલુ જ રાખ્યો હતો.

હજુ પણ આ ઉંમરે (૮૭ વર્ષે) છેલ્લા ૨૭ વર્ષથી પણ વધુ વર્ષ થી સમાજ જીવન કર્મયોગ ચાલુ જ છે. કાકાનું એક વાક્ય અચૂક યાદ રાખવા જેવું છે, **'અથાક પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.'** એમના ભાઈ બહેનોનો સંપ જ્ઞાતિમાં એક મિશાલરૂપ છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) ને મુખ્ય મહેમાન તરીકે આવકારતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

# મુક્તકો

✍ **સતીષ બી. પરીખ (રોકડીયા)**

જગાડનાર સફળ સૃષ્ટિનો, વૈષ્ણવના હાથે જાગે,
વ્યાપ્ત સકળ સૃષ્ટિનું તત્વ, નાના મંદિરીયે બિરાજે,
અનહદ કૃપાથી મહાપ્રભુજીની અંગિકાર કરી વૈષ્ણવને,
છપ્પનભોગ આરોગનાર, મિસરી ભોગથી સંતુષ્ટ

卐 કઈ ક્ષણ અંતિમ હશે કોને ખબર?
પ્રાણ ક્યારે છૂટશે કોને ખબર?
સમજીને પ્રત્યેક ક્ષણને અંતિમ ક્ષણ,
પરમાન્મ ચિંત કરવું જોઈએ પ્રત્યેક ક્ષણ

મોહ ગ્રસ્ત માનવી વિષાદમાં ગરકાર થઈ જાય
સ્વકર્મ, સ્વધર્મ અને સ્વભાવને વિસરી જાય
બેસી જાય હથિયાર ફેંકી, થઈને કિંકર્તવ્ય મૂઢ
મોહ માયા નષ્ટ ગુરુકૃપાથી, સ્વકર્મમાં પ્રવૃત્ત થાય

卐 પ્રાપ્ત ને પર્યાપ્ત સમજે જે જીવને સુખી થાય
જલતો રહે અંસતોષની આગમાં જે સદાતે દુઃખી થાય
સર્વજ્ઞ હોઈ પરમાત્મા, જાણે જીવનની જરૂરિયાત
પરિસ્થિતિને પ્રસાદ સમજી સ્વીકારનાર સુખી થાય.

જીવ શિવનો અંશ હોઈ સચ્ચિદાનંદ સ્વરૂપ છે
સર્વગુણો શિવના જીવનમાં જન્મ જાત છે.
અનિચ્છાએ આવવુ પડે જીવને કર્મફળ ભોગવવા
હેતુપૂર્તિકાજ સ્નેચ્છાએ શિવ દેહ તેવો ધારણ કરે.

卐 જે રીતે અગ્નિને ધુમાડો ઢાંકી દે,
મેલ પણ જે રીતે અરીસાને ઢાંકી દે,
ગર્ભને પણ જે રીતે ઢાંકી દે ગર્ભાશય,
વાસનાઓ તે રીતે વિવેકને ઢાંકી દે.

સૃષ્ટિનું સર્જન કર્યું છે પ્રભુએ જીવના ઉત્કર્ષ કાજ
વિષયોનું સર્જન કર્યું છે ત્યાગીને ભોગવવા કાજ
ભોગ અને યોગ વચ્ચેની ફરજ જો જીવ જાણે નહિ
ભોગી-ભોગી જીવને જીવ ઈન્દ્રિયોનો ગુલામ થાય.

卐 ભગવદ ભરોસો હોય નહિ તેથી માનવી ભયભીત રહે
શ્રધ્ધાના અભાવે પણ માનવી ભયભીત રહે
પ્રત્યેક પળ પરમાત્મા મુજ સાથે છે સમજાય તો
ભીતિનું કારણના રહે ને માનવી નિર્ભય બને.

પ્રેમની પ્રાપ્તિમાં પુરુષને આયખુ ઓછુ પડે
શ્રેયની પ્રાપ્તિનો વિચાર સ્વપ્નમાં પણ ના આવે,
સદ્‌ગુરુના અનુગ્રહથી દ્રષ્ટિ જો બદલાય તો,
પરમની પ્રાપ્તિમાં પામરને વાર ઝાઝીના લાગે

卐 અમૃતનું સંતાન થઈ માનવી, જીવન કેવું જીવ્યો,
અપેક્ષા રાખીને કેવી ને જીવન કેવું જીવી ગયો.
તન્સુખનો વિચાર કરીને વૈષ્ણવી જીવન જીવવાને બદલે
અહંની -મમતાના ભાવમાં ભવાટવીમાં ભટકી રહ્યો.

ખાદ્ય પદાર્થોને અમુક ઔષધિ એક્સપાયરી ડેટ સાથે મળે
તે પછી વપરાય નહિ પણ ફેંકી દેવાને પડે
.... પણ માનવ તણો મળે એક્સપાયરી ડેટ સાથે
આવી પડતા એક્સપાયરી ડેટ, મને કમને ત્યજવો પડે.


|| જય શ્રી કૃષ્ણ ||
રાધે રાધે



સ્વર ને સંગીતનો અનેરો સંગમ
**શુભારંભ**
સંગીત ગ્રુપ
દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી, એનિવરસૅરી, જુનાગીતો
ટ્રેકશો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap

# Dr. Rita Gandhi

## Holistic Wings

## - Mind Body & Soul

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે ઑગસ્ટ - ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૭૩૩૨ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૪૦૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૬૯૮૩ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૦, માયનોર ઓપરેશન ૩૦, ગાયનેકના મેજર ૬૨ ઓપરેશન પૈકી ૧૨ કુટુંબ કલ્યાણનાં તથા ૦૯ માયનોર ઓપરેશન તથા ઈ.એન.ટી.ના માયનોર ૧૫ ઓપરેશન તેમજ આંખના મેજર ઓપરેશન ૧૫૬ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૮૩૪૭૫૫/- તેમજ ઈનડોરમાં રૂા. ૬૫૨૭૦/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૫૧૦૯૫/-ની માફી મળીને કુલ રૂા. ૯૫૧૧૨૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૧૮.૮.૨૦૨૩ ના રોજ ૩૩ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૦૩.૦૮.૨૦૨૩ ના રોજ ૩૬ દર્દીઓના તથા તા. ૧૭.૮.૨૦૨૩ ના રોજ ૪૧ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે ઑગસ્ટ ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી યુરોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૨૦૬૯ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૨૯ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૪૨ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૨૪૪ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૬૨ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૨૨૨ ઈ.સી.જી. કાઢવામાં આવેલ છે. તેમજ રૂા. ૩૦૦૨/- ની દવા માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૧૬ દર્દીઓએ લાભ લીધેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

| | | |
|---|---|---|
| ૧) | શ્રી હર્ષવદન રમણલલા દેસાઈ | રૂા. ૫૦,૦૦૦/- |
| ૨) | શ્રી પ્રતિકકુમાર કિર્તનલાલ કડકીઆ | રૂા. ૧૧,૦૦૧/- |

જ્યોતિપુંજના માહે નવેમ્બર - ૨૦૨૨ ના અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**ખાસ નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના રહેઠાણના સરનામાં તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા ઈમેલ આઈડી ઉપર તથા ત્રણ હોદ્દેદારોના મોબાઈલ નંબર ઉપર જાણ કરવા વિનંતી.

શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭, Email : nitinkmg@gmail.com

શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯, Email : p.parikh58@gmail.com

શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪, Email :sujatient@gmail.com

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

# Upcoming Tours (FEB)

**Dubai with Yas Island**
**8Days**
**04-Feb to 11-Feb**
**Maximum Inclusions**
**3* Hotel Stay, With All Meals**

*Varanasi-Prayagraj*
*Chitrakoot-Ayodhya*
*Lucknow,Nemisharanya (10Days)*
*11-Feb to 20-Feb*

**NEPAL (10DAYS)**
**22-FEB TO 02-MAR**
**POKHARA-KATHMANDU-**
**CHITWAN-LUMBINI**

# Dakshin Bharat Tour

***Trivendrum-Varkala-***
***Kanyakumari-Rameshwaram-***
***Madurai Trichy(Sri-Rangam)-***
***Kanchipuram - Vellor(Golden***
***Temple)-Tirupti***
***16-Jan to 28-Jan (13Days)***

For More Details Contact
AD Tours & Travels
Ajay Dattani - 9869070203 / 7400170203
Kunal Udeshi - 9823996229 / 899915276


V.B.R. ELECT. & ENGG. CO.
Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.
APAR
Tomorrow's solutions today
FSAI
Fire & Security Association of India
L&T Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS
16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT
FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN
PIR MOTION SENSOR
SMART PLUG
CONTROLS APPLIANCES
3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES
KEW
SWITCHGEARS
Upto 200 Amps
Switch Fuse
Upto 600 Amps
Fuse Switch
Upto 1000 Amps
Busbar Chamber
Upto 3150 Amps
Onload Changeover
Upto 630 Amps
ATS

# વિષય : સન્તુ નઃ શશ્વત્

✍ ઉર્વીશ રસિકલાલ મોદી (દેવ)

શૈશવકાળમાં સાંભળેલી મિડાસ ટચ નામની વાર્તા યાદ આવે છે. રાજા મિડાસ ખૂબ લોભી હતો. એને એવું વરદાન મળ્યું હતું કે એ જ વસ્તુને સ્પર્શ કરશે, એ વસ્તુ સુવર્ણનું બની જશે. વધુ ને વધુ સુવર્ણ એકત્રિત કરવાના લોભમાં ને લોભમાં એ વિસરી ગયો, અને જ્યારે ખાદ્ય પદાર્શને સ્પર્શ કરવા જાય છે, તો એ પણ સુવર્ણમય બની જાય છે. પરિણામે, એ પોતાની ક્ષુધા તૃપ્ત કરી શકતો નથી. આમ, અતિલોભના કારણે ક્યારેક માનવી પોતાની ઈચ્છાઓનો ગુલામ બની જાય છે.

અલાદ્દીન ખૂબ જ આળસુ હતો. એની વિધવા માતાની જવાબદારી એના શિર ઉપર હતી. ભાગ્યના પ્રતાપે એને એક જાદૂઈ ચિરાગ અને એક વીંટી પ્રાપ્ત થઈ. એ વીંટી અને ચિરાગનું ઘર્ષણ થતાં જ એક જીન પ્રગટ થયો. એ જીને અલાદ્દીનની બધી જ ઈચ્છા સંતોષી છે, બધી જ માંગણીઓ પૂર્ણ કરી છે.

ઉપરોક્ત બંને વાર્તાઓનો સાર એક જ છે. રાજા મિડાસને પણ અવસર મળ્યો અને એણે લૌક્કિ ઐશ્વર્યની માંગણી કરી. અલાદ્દીનને પણ તક મળી અને એણે પણ લૌક્કિની જ અભિલાષા સેવી.

સમગ્ર વિશ્વમાં ભારતની સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે. આપણને એ વિરાટ સંસ્કૃતિનો અમૂલ્ય વારસો પ્રાપ્ત થયો છે. અનેક ધર્મગુરુઓએ પ્રાચીન વેદ અને ઉપનિષદમાંથી પોતાપોતાની મતિ મુજબ સાર ગ્રહણ કર્યો અને અનેક ધર્મોની સ્થાપના કરી અને આ ધર્મો દ્વારા ભગવદ્ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો. શ્રીમદ્ ભાગવત પણ ભક્તિ દ્વારા ભગવદ્ પ્રાપ્તિનું શાસ્ત્ર છે. શ્રીમદ્ ભાગવતમાં અનેક એવી કથાઓ આવે છે, જેમાં ભક્ત ઉપર ભગવાન પ્રસન્ન થાય છે અને ભક્તને કશુંક માંગવાનું કહે છે. આ દરેક પાત્રોએ એમને જ્યારે જ્યારે તક મળી, ત્યારે દુન્યવી લાભની માંગણી કરી જ નથી. માત્ર અલૌક્કિ જ માંગ્યું છે. પોતાના હિત માટે નહીં, સ્વાર્થ માટે નહીં, પરંતુ પરમાર્થ માટે જ માંગ્યું છે. પૃથુ રાજા ઉપર ભગવાન પ્રસન્ન થયા અને પૃથુરાજાને માંગવાનું કહ્યું, પૃથુરાજાએ ત્રણ વરદાન માંગ્યા.

પ્રથમ વરદાન એ માંગ્યું કે,'હે ભગવાન, હું દસ સહસ્ત્ર કર્ણો વડે, ભગવદીયની વાણી દ્વારા આપની કથાનું રસપાન કરું.' ત્યારે અહીંયા યાદ આવે છે, આકુળ વ્યાકુળ ગોપીઓએ વિરહની અવસ્થામાં જે ગીત ગાયું તે ગોપીગીત. ગોપીગીતમાં વિરહ, ભક્તિ અને કવિતાનો ત્રિવેણી સંગમ છે. આ ગોપીગીતના નવમાં શ્લોકમાં ગોપીઓ કહે છે,

**'तव कथामृत तप्त जीवनं.....'**

હે ઈશ્વર, તમારી લીલા અનંત છે. તમારી કથાનું અમૃત અનન્ય છે. તમારી કથા સ્વયં અમૃત સ્વરૂપ છે. તમારા વિના અમારું જીવન સંતપ્ત છે. આ કથામૃતનું શ્રવણ જ મંગલમય છે. શ્રવણનો મહિમા ગાતા, પૃથુરાજા પ્રાર્થે છે. આ દિવ્ય વાણીના શબ્દો હવામાં વિલીન ના થાય, પણ એ શબ્દે શબ્દનું હું આચમન કરી શકું.' પૃથુરાજાએ બીજું વરદાન માગ્યું, 'હે પ્રભુ આપણા ચરણાવિંદની સેવા કરવાની મને ભક્તિ આપો.' ત્યારે ભગવાન કહે છે કે ચરણાવિંદની સેવાનો અધિકાર તો લક્ષ્મીજીનો છે. ત્યારે રાજા કહે છે, તો પછી એક ચરણની સેવા હું કરું. આમ ભગવાનના પાદસેવનની ભક્તિ માંગી. ત્રીજું વરદાન એ માંગ્યું કે,'હે પ્રભુ, જેમાં મારું કલ્યાણ હોય, એ સિદ્ધ કરો.' કેટલી સુંદર વાત કહી. આખરે ભક્તનું કલ્યાણ શેમાં હોય, એ ભગવાન વિના અન્ય કોઈ કેવી રીતે જાણી શકે ? અણસમજુ બાળક કોઈક વસ્તુ માટે જીદ કરતું હોય ત્યારે એમાં એ બાળકનું શ્રેય છે કે નહીં, એ એના માવતર વિના અન્ય કોણ જાણી શકે ?

જ્યારે પ્રહ્લાદજી તો નૃસિંહ ભગવાનને કહે છે,'મને કોઈ જ વસ્તુની આવસ્યકતા નથી. છતાં પણ તમે મને આપવા જ ઈચ્છતા હો, તો એ જ વરદાન આપો, કે મને કશું માંગવાની ઈચ્છા જ ના રહે.'

ભાગવતજીમાં દામોદરલીલાના પ્રસંગમાં, જ્યારે બાળ કનૈયાને માતા યશોદાજીએ ખાંડણિયા સાથે બાંધ્યા હતા, ત્યારે નંદરાયજીના આંગણાના બે વૃક્ષો કાનુડાની લીલાથી ધ્વસ્ત થયાં અને શ્રાપિત નળકુબેર અને

સીમા મહેતા
૯૪૨૮૧૫૩૩૦૭

નીરાલી મહેતા
૯૪૦૮૪૯૯૮૭૮

કમલનયન મહેતા
૯૮૨૫૬૬૦૦૧૦

બ્રિજેશ મહેતા
૯૭૧૪૯૮૯૮૭૮

ShivSpi®

શ્રી શંકર મસાલા




- સેલમ હળદર પાવડર
- કાશ્મીરી કુમ્ઠી મરચુ પાવડર
- કૃષ્ણ હીંગ
- શંકર કેરી નુ અથાણુ
- ધાણા પાવડર
- ધાણા જીરૂ પાવડર
- કાતરી
- શંકર છુંદો
- સ્ટ્રોંગ હિંગ
- ગરમ મસાલા
- વેફર
- શંકર ગળ્યુ અથાણુ
- ખાટો સાંભાર મસાલા
- ગળ્યો સાંભાર મસાલા
- આંબોડીયા
- શંકર લિંબુ નુ અથાણુ

## હરિ એન્ટરપ્રાઈઝ

આજે જ ઘર બેઠા ઓર્ડર કરો સિઝન ના દરેક જાત ના મસાલા અને ઘર વપરાશ ની જરૂરીયાત વગેરે
(હોમ ડિલવરી ૩૦ રૂ/- કિલો કુરીયર ચાર્જ એક્સ્ટ્રા)

## અમુલ પાર્લર

અમુલ ની દરેક પ્રોડક્ટ આઇસ્ક્રિમ-ડેરી પ્રોડક્ટ દૂધ, દહીં, છાશ ઠંડાપીણા,
પાર્ટી ઓર્ડર, પ્રોવિઝન આઈટમ, વગેરે.

સરનામુ :- રોકડીયાશેરી, શ્રી ગોકુલનાથજી મદીર પાસે, જી. મહીસાગર
(ગુજરાત) બાલાસિનોર - ૩૮૮૨૫૫

Email : Kamalmehta577@gmail.com

મણિગ્રીવ નામના બે ભાઈઓનો ઉદ્ધાર થયો. તેઓએ પ્રભુને પ્રાર્થના કરી કે હે પ્રભુ, અમારી વાણી અખંડ તમારા ગુણગાન કરે, હાથ તમારી પરિચર્યા કરે'. આવા સર્વાત્મભાવ વાળી ભક્તિ તેમણે પ્રભુ પાસે માંગી.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ તો ગાયું છે,

'હરિના જન તો મુક્તિ ના માંગે,
માંગે જનમ જનમ અવતાર સે
નિત્ય સેવા, નિત્ય ઓચ્છવ કીર્તન,
નિરખવા નંદકુમાર રે......'

શ્રી મહાપ્રભુજીએ એમના ષોડશગ્રંથમાં, વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં ખૂબ જ સુંદર આજ્ઞા કરી છે.

**'પ્રાર્થિતે વા તતઃ કિમ, સ્યાત્, સ્વામ્યભિપ્રાય સંશયાત્'**

અર્થાત (પ્રભુને) પ્રાર્થના કરવાથી શું થાય ? પ્રાર્થના કરવી એટલે કે માંગણી કરવી. એટલે સ્વામીના અભિપ્રાયમાં સંશય જ થયો કહેવાય. આપણને ક્યારેક થોડું કષ્ટ પડે અથવા મનમાં કોઈ કામના ઉત્પન્ન થાય. તો તે કષ્ટોને દૂર કરવા અને આપણી શુદ્ર કામનાઓની પૂર્તિ માટે ભગવાનની પ્રાર્થના કરવા માંડીએ છીએ. પરંતુ પરમકૃપાળુ પરમાત્મા તો આપણી પ્રાર્થના વગર જ આપણી મનોદશાને જાણે છે, કે આપણી અપેક્ષા શું છે ? અને કઈ કામાનાઓમાં આપણું હિત સચવાયેલું છે ? ગજેન્દ્રને મોક્ષ ભગવાને એની પ્રાર્થનાથી નહીં, પણ ભગવાને સ્વેચ્છાએ આપ્યો છે. એવા જ એક બીજા ભક્ત હતા રાજા રંતિદેવ. ભગવાને જ્યારે પ્રસન્ન થઈને કહ્યું કે રાજા તમે માંગો, ત્યારે રાજાએ પણ એ જ પ્રકારની માંગણી કરી,'હે પ્રભુ, આ જગતના જીવમાત્રના પ્રારબ્ધમાં જે દુઃખ ભોગવવાનું હોય, એ બધું દુઃખ મને આપો, અને મારા ભાગ્યનું બધું સુખ તેમને આપો.'

ણ યુદ્ધ પૂરું થયું છે પરંતુ રાજા યુધિષ્ઠિરના રાજ્યમાં વિજયનો ઉલ્લાસ નથી. મહેલોમાં નીરવ શાંતિ પ્રવર્તી રહી છે. મૃત સ્વજનોની શ્રાદ્ધ-તર્પણ વિધિ, વિવિધ ક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું કર્તવ્ય પૂર્ણ થયું છે, એમ કહીને દ્વારિકા પ્રતિ પ્રયાણ કરવાનું ઈચ્છે છે, પરંતુ અશ્વત્થામા દ્વારા પાંડવોના વંશને નિર્મૂળ કરવાની આશયથી ઉત્તરાના ગર્ભ ઉપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ થાય છે ત્યારે એ બ્રહ્માસ્ત્રને કૃષ્ણ પોતાના તપ અને સત્યના બળે રક્ષા કવચ દ્વારા ઉત્તરાનો ગર્ભ આચ્છાદિત કરે છે, અને સુદર્શન ચક્ર દ્વારા નિજ્જનોની રક્ષા કરે છે. ત્યારે કુંતીમાતા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે,'તમે અમારા કુટુંબની અનેકવાર રક્ષા કરી છે, અને પ્રસ્તુત શ્લોક દ્વારા સ્તુતિ યાચના કરે છે,

**'વિપદ : સન્તુ નઃ શશ્વન્તત્ર તત્ર જગદ્‌ગુરો ।**
**ભવનો દર્શનં, યતસ્યાદ્ પુનર્ભવ દર્શનમ્ ।।'**

હે જગદ્‌ગુરુ અમને સર્વત્ર વારંવાર વિપત્તિઓ પ્રાપ્ત થાઓ (કારણ કે) વિપત્તિમાં આપનાં દર્શન થાય, જેથી ફરીથી સંસારનું દર્શન ન થાય. (ફરીથી જન્મ ન લેવો પડે).

ભારઅંતમાં, આજના શીર્ષકની વાત. મહાભારતનું ભીષતીય સંસ્કૃતિના ઈતિહાસમાં આવા વિરલા કોંક જ હશે, જેમણે પ્રભુ પાસેથી વિપત્તિઓની, દુઃખની માંગણી કરી હશે. કુંતીમાતા કહે છે,'હે જગદ્‌ગુરુ, અમારા જીવનમાં સર્વદા પુનઃ પુનઃ વિપદાઓ આવતી રહે, કારણ કે વિપત્તિઓમાં જ આપના દર્શન થાય છે અને આપના દર્શન થયા બાદ ફરીથી સંસારનું દર્શન ન થાય, અમને જન્મમરણના ચક્કરમાંથી મુક્તિ મળે છે.'

ઉપરોક્ત શ્લોકના અનુસંધાનમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રસ્તુત શ્લોકમાં વિપદ્ શબ્દ બહુ વચનમાં છે. વિપદ્- એકવચન, વિપયૌ- દ્વિવચન અને વિપદઃ - બહુવચન. અર્થાત કુંતીમાતાએ માત્ર એક વિપત્તિ નથી માંગી, પરંતુ અનેક વિપત્તિઓ માંગી છે. શ્લોકમાં કહે છે નઃ અર્થાત મને એકલીને નહીં, પરંતુ અમારા સમગ્ર પરિવારને વિપત્તિઓ મળે. જો મવે એકલીને એકાદ વિપત્તિ મળશે, તો હું મારા પુરુષાર્થથી એ વિપત્તિને દૂર કરી શકીશ, અને તમને યાદ પણ નહીં કરું. માટે મને મારા પરિવારને, અનેક વિપત્તિઓ આપો, જેથી મારો પુરુષાર્થ નિષ્ફળ જાય અને હું સતત તમને યાદ કરતી રહું.

નિરોધલક્ષણ ગ્રંથમાં પણ શ્રી મહાપ્રભુજી, આજ સંદર્ભમાં બીજી આજ્ઞા કરે છે,

**'યચ્ચ દુઃખં યશોદાયા, નન્નાદીનાં ચ ગોકુલે ।**
**ગોપિકાનાં તું યદ્ દુઃખ -તદ્ દુઃખ સ્યમ્ મમ કવચિત્ ।।'**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

અને અન્ય વ્રજજનોને જે દુઃખ મળ્યું છે, તેમ જ ગોપીજનોને જે દુઃખ મળ્યું છે, તે દુઃખ મને પણ કોઈ સ્થાને મળો.

શ્રી મહાપ્રભુજી કહે છે, આપ વ્રજ છોડી મથુરા આવ્યા ત્યારે આપના વિયોગનું જે દુઃખ યશોદાજીને થયું, જે દુઃખ ગોપ, ગોપી, ગોવાળોને થયું, એવું દુઃખ મને પ્રાપ્ત થાઓ. હું હજારો વર્ષોથી આપનાથી વિખૂટો પડી ગયો છું, તો હે પ્રભુ મને આપના વિરહના દુઃખનું દાન કરો. ચતુઃશ્લોકી ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે,

**'એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિશૃયતિ ।**
**પ્રભુ : સર્વ સમર્થો હિ, તતો નિશ્ચંતતાં વ્રજેત્ ।।'**

આપણે આપણું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક નિભાવવું. પ્રભુ સર્વસમર્થ છે, ભક્તના સર્વ અર્થરૂપ છે. ભક્તનાં સર્વ કાર્ય ભગવાન જરૂરથી પૂર્ણ કરશે. માટે ભક્તે નિશ્ચિંત રહેવું. કોઈપણ પ્રકરાની ચિંતા ન કરવી.

જીવનમાં સુખની સાથે દુઃખનું પણ મૂલ્ય અધિક છે. દુઃખ એટલે આત્મવિકાસ પરત્વેનું પ્રથમ સોપાન. જેમ જેમ દુઃખના એક પછી એક સોપાન સર કરશો, તેમ તેમ આધ્યાત્મિક વિકાસનું લક્ષ્ય બિંદુ સાધી શકાશે. આમ દુઃખ જીવન વિકાસ માટે આવશ્યક છે. લેખક શ્રી ભાણદેવે એક સુંદર દ્રષ્ટાંત આપ્યું છે ધારો કે કોઈ વ્યક્તિને રોગ થયો છે પણ એ વ્યક્તિને એની જાણ નથી. પરંતુ એ રોગના એક લક્ષણ તરીકે એ વ્યક્તિને વેદના થાય છે. વ્યક્તિ ચિકિત્સક પાસે જાય છે ત્યારે ચિકિત્સક નિદાન કરે છે, અને એ વ્યક્તિને રોગની જાણ થાય છે. ટૂંકમાં રોગની વેદના જ અર્થાત દુઃખની અનુભૂતિ જ વ્યક્તિને રોગના અસ્તિત્વની જાણ કરે છે અને ચિકિત્સા કરવા માટે પ્રેરે છે. આજ પ્રમાણે તમારા મનમાં ચાલી રહેલું દુઃખ, વિષાદ જ તમને સૂચવે છે કે તમારા જીવનમાં જે પરિસ્થિતિ છે, તે યોગ્ય નથી અને સ્વવિકાસની આવશ્યકતા છે. આમ જીવન વિકાસ સાધવા આપણે આગળ વધવું જ પડશે અને જ્યાં સુધી આ હેતુ સિદ્ધ ના થાય, ત્યાં સુધી જીવનદેવતા આપણને સુખ દુઃખના ચાબખાં ફટકાર્યા જ કરશે. અંતરાત્મા ઘડીભર જંપવા નહીં દે, અને સતત પ્રેરણા કરશે કે આ યર્થાથ વિશ્રામસ્થાન નથી. આપણા જીવનમાં સુખ પણ છે અને દુઃખ પણ છે. દુઃખ કોઈને ગમતું નથી. દુઃખ સર્વદા દુઃખદ છે, અને છતાં દુઃખનું જીવનને એક વિશિષ્ટ પ્રદાન પણ છે જ કારણ કે,

**વિપદો નૈવ વિપદ : સમ્પદો નૈવ સમ્પદ : ।**
**વિપદ વિસ્મરણં વિષ્ણો : સમ્પન્નારાયણસ્મૃતિ : ।।**

અર્થાત્ જગતમાં વિપત્તિએ વિપત્તિ નથી, અને જગતમાં સંપત્તિ એ સંપત્તિ નથી. ભગવાન શ્રી હરિનું વિસ્મરણ જ વિપત્તિ છે અને ભગવાન શ્રી હરિનું સ્મરણ જ સંપત્તિ છે.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

અમને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ષે પણ દિવાળી નિમીત્તે આર્થિક મદદ લેનારા સર્વ કુટુંબોને નક્કી કરેલ આર્થિક મદદ ઉપરાંત વધારાની રૂા. ૩૦૦૦/- ની આર્થિક મદદ કરવામાં આવશે.

**સંયોજક** — **યોગેશ રમણિકલાલ ધારીઆ**

**પ્રમુખ** — **રાજુલ મોહનભાઈ પરીખ**

**મંત્રી – મંજુલ ધારીઆ, અનીશ ગાંધી, સમીર શાહ**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

દિવાળી પર્વ નિમીત્તે આર્થિક મદદ લેનારા કુટુંબ માટે યોગેશભાઈ રમણિકલાલ ધારીઆ તરફથી સંસ્થાને રૂા. ૫૦,૦૦૦/- ના દાનનું વચન મળેલ છે.

સંસ્થા ઉદારદિલ દાતા તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી** — **મંજુલ ધારીઆ, અનીશ ગાંધી, સમીર શાહ**

**પ્રમુખ** — **રાજુલ મોહનભાઈ પરીખ**


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
ESPA
Captain
BOSCH
PREMIUM
HAVELLS
Rolls Wolf
Falcon
C.R.I. PUMPS
Einhell
SHAKTI
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

**આતિથ્ય**

# કાજુ પીસ્તા રોલ

✍ રીટા નિખિલ પરીખ

**સામગ્રી :** ૧ બાઉલ કાજુ (ટુકડા), ૧/૩ બાઉલ પીસ્તા, ૧/૩ બાઉલ બદામ, ૨ ટેબલ સ્પુન ખાંડનો પાઉડર, ૧/૪ ચમચી ઈલાઈચી પાઉડર, થોડો ગ્રીન ખાવાનો કલર, ૨ મોટી ચમચી દૂધ

**રીત :** પહેલા કાજુને મીક્ચરમાં સરખી રીતે ગ્રાઈન્ડ કરી એકદમ બારીક પાઉડર ફોર્મમાં કરવા. પછી એ પાઉડર ચાળી લેવા. એમાં જે જરા મોટા ટુકડા રહી જાય એ બાજુ પર કાઢી લેવા. ૧/૩ બાઉલ પીસ્તામાંથી અડધા પીસ્તા બાજુ પર કરી લેવા. બાકીના પીસ્તા અને બદામને પાઉડર ફોર્મમાં ગ્રાઈન્ડ કરી લેવા. બાજુપર કાઢેલા પીસ્તાના ઝીણા ઝીણા ટુકડા કરવા. ખાંડનો પાઉડર, ઈલાઈચીનો પાઉડર, બદામ પીસ્તાનો પાઉડર, પીસ્તા ઝીણા ટુકડા, બે ચમચી દૂધ વગેરે મીક્સ કરી સ્ટફીંગ બનાવવું. ૧/૩ પાણી લગભગ ૭૫ ગ્રામ, ૭૫ ગ્રામ ખાંડની ચાસણી બનાવવી. પછી આ ચાસણીમાં કાજુનો પાઉડર નાખવો. ગેસ ધીમો રાખવો ને હલાવતા રહેવું જેથી ચોંટી ન જાય. થોડી પેસ્ટ લઈ તપાસી લેવું. ગોળાવાળી શકાય છે. પછી બીજા બાઉલમાં કાઢી લેવું. ઠંડુ થવા દેવાનું. પછી એક પાટીયું લેવું (પાટલો પણ ચાલે) એની પર Polythene પ્લાસ્ટીક સીટ પાથરી એની પર કાજુની પેસ્ટ પાથરી ઠંડી થવા દેવી. જેથી રોલ કરવા માટે સહેલુ પડે. પહેલા પોલીથીન પર ઘી લગાવી દેવું. સાધારણ ગરમ કાજુની પેસ્ટ પ્લાસ્ટીક શીટ પર પાથરી થપથપાવી દેવું. પછી વેલણથી હલ્કે હાથે એને ચોરસ આકારમાં શેપ આપવો. એવી રીતે વણવું. સ્ટફીંગના બે ભાગ કરવા ને બે રોલ થોડા પતલા ને લાંબા કરવા જેથી રોટલાની લંબાઈમાં બરાબર ફીટ થાય.

કાજુના લંબચોરસ રોટલાના બે સરખા ભાગ કરવા.એક એક રોલ Polythene (પ્લાસ્ટીક) ની મદદથી રોલ કરવા. રોલ થોડા ટાઈટ રાખવા. બે રોલ થઈ જાય એને ફ્રીજમાં લગભગ ૨૦ મિનીટ રાખી થોડા ઠંડા કરવા. પછી એક સરખા ટુકડા કરી લેવા.





TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
POLYCAB
FANS
Concealed Metal Boxes For Modular Series
POLYCAB
CONCEALED METAL BOX
CLETA
POLYCAB
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# Housie with Twist

-રૂપલ પ્રશાંત ધારીઆ

**Things Required : Pen, Paper, Housie ના Coins 10 to 90**

**Step-1** સૌ પ્રથમ બધાને એક પેન અને એક પેપર આપવા. રમનારાએ 0-1-2-3-4-5-6-7-8-9 આ દસ નંબરમાંથી કોઈપણ પાંચ નંબર પસંદ કરીને પેપરની સૌથી ઉપર જગ્યા હોય એના ઉપર લખવા.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| | | | | |

**Step-2** રમાડનારે બેગમાંથી housie નો એક coin કાઢવાનો. e.g. નંબર ૬૨ આવ્યો તો રમનારાઓએ એમના પેપર ઉપર જો પાંચમાંથી આ બે નંબર ૬ અને ૨ લખયા હોય, તો એ લોકોએ એમના પેપર ઉપર ૬૨ લખવાનો.

**e.g**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | |

**Step-3** રમાડનારે બેગમાંથી housie નો બીજો coin કાઢવાનો. e.g. નંબર ૩૪ નીકળ્યો તો જેને ૩ અને ૪ ના લખ્યો હોય તે લોકો પેપર ઉપર લખી ના શકે.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | |

**Step-4** રમાડનારે બેગમાંથી housie નો ત્રીજો coin કાઢવાનો. e.g. ૭૩ આવ્યો તો જેને ૭ અને ૩ નંબરમાંથી એક નંબર લખ્યો હોય અને બીજો નંબર ના લખ્યો હોય તો એ વ્યક્તિ પેપર ઉપર નંબર લખી ન શકે.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | |

**Step-5** રમાડનારે બેગમાંથી housie નો ચોથો coin કાઢવાનો. e.g. ૯૦ (ninety) આવ્યો. જેણે આ બે નંબર ૯ અને ૦ લખ્યા હોય તે લોકો લખી શકે.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | |
| 90 | | | | |

**Step-6** રમાડનારે બેગમાંથી housie નો પાંચમો coin કાઢવાનો. e.g. ૨૨ નંબર આવ્યો, તો જે વ્યક્તિએ ૨ નંબર લખ્યો હોય તે ૨૨ નંબર લખી શકે.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | |
| 90 | | | | |
| 22 | | | | |

**Step-7** આવી રીતે રમાનારાઓમાંથી જેના ૧૦ (દસ) નંબર પહેલા થાય તે પ્રથમ વિજેતા.

**e.g.**

| 2 | 6 | 0 | 9 | 7 |
|---|---|---|---|---|
| 62 | | | | 66 |
| 90 | | | | 70 |
| 22 | | | | 27 |
| 69 | | | | 60 |
| 76 | | | | 29 |

**Step-8** રમાડનારે બેગમાંથી housie નો એક coin કાઢતા રહેવાનું. પાછા આવી રીતે જેના ૧૦ નંબર થાય તે દ્વિતીય વિજેતા. આવી રીતે રમાડતા રહેવાનું. પાછા દસ નંબર થાય તૃતીય વિજેતા.

આ રમત સરળ છે અને બધી ઉંમરના વ્યક્તિ રમીને મજા માણી શકે.

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# ટપાલ કચેરી (ડાક ઘર, પોસ્ટ ઓફિસ)

✍ **ડૉ. રજત મોદી**

ઉપરનું શીર્ષક જોઈને કોઈના પણ મનમાં વિચાર આવશે કે આ ઝડપથી વહેતા મોબાઈલ ફોનના જમાનામાં સંદેશાની આપ લે કરવા માટે ટપાલ કચેરીનું તે વળી શું કામ હશે ? ૨૦ થી ૩૦ વર્ષની આયુ ધરાવતા કેટલાએ જવાનીયાઓએ કદાચ ટપાલ કચેરીની મુલાકાત એકાદ વખત પણ નહીં લીધી હોય. એ લોકોને કદાચ ખબર પણ નહીં હોય કે ટપાલ કચેરીમાંથી કેટ કેટલી પ્રવૃત્તિઓ ચાલે છે અને એ કેટલા લોકોના શોખ પણ પૂરા પાડે છે.

જુના જમાનામાં સંબંધો જાળવી રાખવામાં ટપાલ કચેરીનો બહુ મોટો ફાળો હતો અને સુખ દુઃખના સમાચાર મોકલવા માટેનું એકમાત્ર સાધન હતું.

જૂની યાદોને તાજી કરવા માટે ચાલો આપણે ડાકિયાની જિંદગીમાં એક ડોકિંયુ કરીએ અને ટપાલ કચેરી વિશે વધુ જાણકારી મેળવીએ. ભારતમાં ટપાલ કચેરીની શરૂઆત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કરી હતી. ભારતીય ટપાલ સેવાનો વિસ્તાર દુનિયામાં સૌથી મોટો છે. ભારત બહાર આવેલી એક માત્ર ટપાલ કચેરી એન્ટાર્કટિકામાં છે. દુનિયામી એકમાત્ર તરતી ટપાલ કચેરી કાશ્મીરમાં આવેલ શ્રીનગરના દાલ તળાવમાં છે. ભારતમાં મુંબઈમાં ફોર્ટ વિસ્તારમાં આવેલ એક માત્ર ટપાલ કચેરી છે જે સંપૂર્ણ પણે સ્ત્રીઓ દ્વારા ચલાવવામાં આવે છે. દાર્જિલિંગમાં આવેલ ટપાલ કચેરી ભારતની સૌથી સુંદર ઈમારત છે. હિમાચલ પ્રદેશમાં સ્પીતી ખીણમાં આવેલ હિકીમમાં દુનિયાની સૌથી વધું ઉચાંઈ પર આવેલ ટપાલ કચેરી છે, જે લગભગ ૪૪૦૦ મીટર ઉપર આવેલ છે.

ભારતમાં લગભગ ૧,૫૬,૦૦૦ થી પણ વધારે ટપાલ કચેરીઓ છે.

સૌ પ્રથમ ટપાલ ટિકીટ ૧૯૫૪માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયમાં મળવાની શરૂઆત થઈ હતી. યુનિવર્સલ પોસ્ટલ યુનિયનના સભ્ય થયા પછી ટપાલ કચેરીમાં બીજી બધી ટપાલ સામગ્રી મળવાની શરૂઆત થઈ હતી. ભારત કોમવેલ્થમાં આવેલ પહેલો દેશ હતો જ્યાં હવાઈ જહાજ દ્વારા મોકલાતા પત્ર ઉપર ઉણ્દ્ર ષ્ક્ટ્રણ્ઌ સ્ટેમ્પ લગાડવાની શરૂઆત થઈ હતી.

પીનકોડ-ટપાલ કચેરી દ્વારા લોકોને વસ્તુઓ સુરક્ષિત અને ચોક્કસ સરનામા પર મળી રહે એ માટે પીનકોડની શરૂઆત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સમયમાં ૧૫-૦૮-૧૯૭૨ માં શ્રી રામ ભીખાજી વેલનકર દ્વારા કરવામાં આવી હતી. આખા ભારતમાં દેશને ૮ ભાગમાં વહેંચી દેવામાં આવ્યો હતો અને નવ નંબર ભારતનું રક્ષણ કરતાં સિપાહીઓ માટે રાખવામાં આવ્યો છે. **ટપાલ**


**મકાન વેચવાનું છે**

**બાલાસિનોરમાં હાથીખાનાની શેરી, મેઈન બજાર ખાતે ભોંયતળિયું + ૩ માળનું મકાન વેચવાનું છે.**

-: મુંબઈમાં સંપર્ક :-
**ઈન્દિરાબેન હરીશભાઈ ગાંધી**
સમય : બપોરે ૧૨ થી ૪ કલાક દરમ્યાન

**મોબાઈલ : ૯૭૬૯૪૬૮૩૦૮**

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P.
BHS
ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9282, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in
BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

**કચેરીમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ટૂંકમાં પરિચય :-**

**ટપાલ કચેરી અને પત્ર પેટી**

☆ **ડાક ટિકિટો :** સન ૧૮૫૪માં સૌ પ્રથમ ભારતમાં ડાક ટિકિટોનો ઉપયોગ થયો હતો. જે વખતે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ ચાલતું હતું તે જમાનામાં આના અને પાઈની ટિકિટો મળતી હતી. એ ટિકિટો ઉપર ઈંગ્લેન્ડના રાજા કે રાનીના ફોટાઓ હતા.

યુનિવર્સલ પોસ્ટલ યુનિયનનું ભારત સભ્ય થયા પછી ડાક ઘરમાં પોસ્ટ કાર્ડ અને કવરનું વેંચાણ શરૂ થયું હતું. સ્વતંત્રતા મળ્યા પછી દર વર્ષે જે ટિકિટો છપાતી એના ઉપર કોઈ યાદગાર પ્રસંગ જાણીતી જગાઓ, મહાન લોકો અથવા ભૂતકાળમાં બનેલી ઘટનાઓ જોવા મળતી. આ ટિકિટો અને એની સાથે નીકળેલા પ્રથમ દિવસીય કવર અને મીનીએચર ટિકિટોનો સંગ્રહ કરનાર ઘણા લોકો જોવા મળે છે. આ શોખને ધ્કક્કખ્ક્ષક્ર્ક્ષખ્જી તરીકે ઓળખવામાં આવે છે. અનેક આકારમાં અને કિંમત ધરાવતી ટપાલ ટિકિટોનો સંગ્રહ મારી પાસે છે. સૌથી મોંઘી ટપાલ ટિકિટ ૧૫૦/- રૂપિયાની અરવિંદો ઘોષ ની છે.



(ક્રમશ :)


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**





**NIRAV**
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai - 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension - *743

## Authorized Stockists:

MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse Time Delay Fuse Midget Fast-Acting Fuse UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) BS Semiconductor fuse Semiconductor SPDs

D-Link®


Building Networks for People



# સવંત ૨૦૭૯ - દશેરા-દિપાવલી પર્વોના તથા ચોપડા ખરીદવાના મુહૂર્તો

✍ ગોર ગોપાલ ભટ્ટ

| દિવસ | શુભકાર્યો | ચોઘડીયા મુજબ સમય |
|---|---|---|
| **વિજયા દશમી (દશેરા)**<br>આસો સુદ - ૧૦<br>મંગળવાર<br>તા. ૨૪-૧૦-૨૦૨૩ | શમી, શસ્ત્ર, વાહન વગેરેના પૂજનનો દિવસ. ચોપડા નોંધાવવા, ખરીદવા નવા કાર્યો શરૂ કરવાનો અને કિંમતી વસ્તુની ખરીદીનો દિવસ (મિઠાઈનો દિન) | સુર્યોદય - ૦૬.૩૪<br>૦૯.૩૪ થી ૦૨.૦૪ - ચલ-લાભ-અમૃત<br>૦૩.૩૪ થી ૦૫.૦૪ - શુભ |
| **પુષ્ય નક્ષત્ર દિન**<br>આસો વદ - ૭<br>શનિવાર<br>તા. ૧૦-૧૧-૨૦૨૩ | ચોપડા ખરીદવા કે ઓર્ડર આપવાનો ઉત્તમ દિવસ | સુર્યોદય - ૦૬.૪૦<br>૦૮.૧૦ થી ૦૯.૪૦ - શુભ<br>૧૨.૪૦ થી ૦૫.૧૦ - ચલ-લાભ-અમૃત<br>૦૫.૧૧ થી ૦૬.૪૧ - ચલ |
| **ધનતેરસ**<br>આસો વદ - ૧૨<br>શુક્રવાર<br>તા. ૧૦-૧૧-૨૦૨૩ | શ્રી યંત્ર પૂજનનું ધનવંતરી પૂજન ચોપડા ખરીદવા કે લાવવા અને ગાદી બીછાવવા માટેનો શુભ દિવસ | સુર્યોદય - ૦૬.૪૧<br>૦૬.૪૧ થી ૧૧.૧૧ - ચલ-લાભ-અમૃત<br>૧૨.૪૧ થી ૦૨.૧૧ - શુભ<br>૦૫.૧૧ થી ૦૬.૪૧ - ચલ |
| **દિપાવલી, દિવાળી**<br>દિપપૂજા આસો વદ - ૧૪<br>રવિવાર<br>તા. ૧૨-૧૧-૨૦૨૩ | પ્રાગટય દિવાળી ઉત્સવ<br>ચોપડા ખરીદવા<br>લક્ષ્મી તથા શારદા પૂજન | સુર્યોદય - ૦૬.૪૨<br>૦૮.૧૨ થી ૧૨.૪૨ - ચલ-લાભ-અમૃત<br>૦૨.૧૨ થી ૦૩.૪૨ - શુભ<br>૦૬.૪૨ થી ૦૮.૧૨ - શુભ |
| **વિક્રમ સંવત ૨૦૮૦**<br>કારતક સુદ - ૧<br>નૂતન વર્ષ - મંગળવાર,<br>તા. ૧૪-૧૧-૨૦૨૩ | સ્નેહ મિલન દિવસ, મિતી દિન<br>વડીલોનાં આશીર્વાદ લેવાનો<br>બેસતા વર્ષનો શુભ દિન | સુર્યોદય - ૦૬.૪૩<br>૦૯.૪૩ થી ૦૨.૧૩ - ચલ-લાભ-અમૃત<br>૦૩.૪૩ થી ૦૫.૧૩ - શુભ |
| **ભાઈબીજ**<br>કારતક સુદ - ૨<br>બુધવાર<br>તા. ૧૫-૧૧-૨૦૨૩ | બહેનના ઘેર સ્નેહ મિલનનો દિન | |





# અત્તરની નગરી પાલનપુર....

✍ તંત્રી મંડળ તરફથી

બનાસકાંઠા જીલ્લાનું મુખ્યમથક પાલનપુર નવાબોના સમયથી ફૂલોની નગરી તરીકે ઓળખાતું હતું. અહીંના ફૂલોનાં અત્તરની સુગંધ દેશ દુનિયામાં પ્રખ્યાત હતી. આ ઉપરાંત પાલનપુર શહેર સાથે સિદ્ધરાજ જયસિંહના જન્મથી લઈને મોર્યવંશના શાસનનાં ઐતિહાસિક સંદર્ભો જોડાયેલાં છે.

એટલું જ નહીં, વિશ્વના હીરાના વેપારમાં સુરતથી લઈને એન્ટવર્પ સુધી પાલનપુરી જૈન વેપારીઓનો દબદબો હજી પણ યથાવત છે. ઈતિહાસ અને વેપારમાં નોંધપાત્ર સ્થાન ધરાવતા પાલનપુરનું પ્રદાન વેપાર ઉપરાંત સાહિત્યમાં પણ અવગણી શકાય તેમ નથી.

શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી, ઓજસ પાલનપુરી, મુસાફર પાલનપુરી જેવા શાયરો અને ચંદ્રકાંત બક્ષી જેવા ધુરંધર લેખકની જન્મભૂમિ અને કર્મભૂમિ પાલનપુર રહી છે.

બનાસકાંઠમાં ગુજરાતના સૌથી મોટા ધાર્મિક સ્થાનોમાંથી એક અંબાજી શક્તિપીઠ પણ છે. જે કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર છે.

આમ દરેક નગર પોતાની કોઈ આગવી પેદાશ કે વિશેષતાને કારણે પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરે છે, જેમ કે ડાકોરના ગોટા, જામનગરની બાંધણી, સુરતની ઘારી, પાટણનાં પટોળા.... તેવી જ રીતે બનાસકાંઠાનું પાલણપુર નગર તેની બે વિશેષતાઓને કારણે ખૂબ જ જાણીતું બન્યું. એક તો એના પ્રસિદ્ધ શાયરો અને બીજું અત્તર. આ બંનેની સુવાસ દુનિયાભરમાં ફેલાઈ અને બંનેના વિકાસમાં પાલનપુરના તત્કાલીન નવાબસાહેબ સ્વ. તાલે મહંમદ ખાનજીનો બહુ જ અમૂલ્ય ફાળો હતો. તે સમયે પાલનપુરની આજુબાજુ અનેક બગીચાઓમાં કેવડા, ચંપા, મોગરા અને ગુલાબ જેવા ફૂલોની પુષ્કળ ખેતી થતી અને તેથી પાલનપુરના રેલવે સ્ટેશનથી ટ્રેન પસાર થતી ત્યારે મુસાફર ભર ઊંઘમાં હોય તોય આ ફુલોની સુવાસ ઉપરથી એને ખબર પડી જતી કે પાલનપુર આવી ગયું.

પાલનપુરના નવાબ સાહેબ તાલે મહંમદ ખાનજી પોતે પણ ઈત્ર-અત્તરના એટલા બધા દીવાના હતા કે તેઓ વારંવાર કાશ્મીર અને ઉદેપુરના રાજાઓ પાસેથી વિવિધ પ્રકારના અત્તરો મંગાવતા, તો કેટલીકવાર ઉદેપુરથી આ અત્તર બનાવનારા કારીગરોને ખાસ અહીં બોલાવીને તેઓની પાસે અત્તર બનાવડાવતા. નવાબ તાલેમામદ ખાનજીની બેગમ સાહેબાના સ્નાન માટે હમામખાનાનાં હોજ રોજ ગુલાબજળથી ભરવામાં આવતા. વળી નવાબસાહેબ પોતે પણ પોતાના માટે ગુલાબ, મોગરો, રાતરાણી, કેવડો અને સોનચંપો આ પાંચ પ્રકારના ફુલોને ભાગે કરી તેમાંથી ખાસ પ્રકારનું 'પંચકુલ' નામનું અત્તર બનાવડાવતા. જે ખાસ કરીને દશેરાના દિવસે નવાબ સાહેબની શાહી સવારી નીકળતી ત્યારે છૂંટથી છાંટવામાં આવતું અને આ અત્તરની સુવાસની જેમ પોતાના રાજ્યમાં પ્રજામાં કોમી એકતાની સુવાસ પણ પ્રસરે એવી ઈશ્વરને પ્રાર્થના પણ કરવામાં આવતી. વળી, પહેલા વરસાદના સ્પર્શથી ભીની થયેલી માટીની ખુશ્બુ પણ નવાબસાહેબને ખૂબ જ આકર્ષતી. આ ભીની માટીનું અત્તર બનાવવા માટે નવાબસાહેબનું ફરમાન થયું, જેમાં પરિણામ રૂપે હુબહુ માટીની મહેક ધરાવતું અત્તર પાલનપુરની વિશેષ ઓળખ બનવા લાગી.

આ અત્તર બનાવવાની પ્રક્રિયાને અત્તર 'સારવું' અને અત્તર બનાવનારાઓને 'સયા' એમ કહેવામાં આવે છે. નવાબ સાહેબે અત્તર બનાવનારા આ સરયાઓને પાલનપુરમાં સ્થાયી થવાનું ખાસ નિમંત્રણ આપ્યું. સરયાઓએ આ નિમંત્રણ સ્વીકાર્યું અને ઈ.સ. ૧૯૧૦-૧૨માં દાઉદી વહોરા કોમના અબ્દુલહસુન વલદીન અત્તરવાલા પોતાના ત્રણ ભાઈઓ સાથે ઉદેપુરથી પાલનપુર આવીને સ્થાયી થયા અને બદલામાં નવાબસાહેબે તેમને જમીન પણ આપી હતી. આ પહેલાં

અત્તર પાલનપુરમાં લગભગ ૨૨૫ વર્ષોથી બનતું હતું. કેમ કે કેવડા, ચંપા અને ચંપાની ખેતી તો સમગ્ર ભારતમાં માત્ર પાલનપુરમાં જ થતી હતી. પરિણામે ભારતભરના વિવિધ સ્થળોએથી સરૈયાઓ પાલનપુર આવીને થોડાક સમય અહીં રહેતા અને અત્તર બનાવીને પાછા જતા રહેતા. તે સમયે પાલનપુરની આસપાસ કરજોડા, ધનિયાણી, જલોત્રા, નળાસર અને ધાણા અને પીપળી ભાગળ જેવાં ગામોમાં કેવડાના ગાઢ જંગલો હતાં. સામાન્ય રીતે જુલાઈથી સપ્ટેમ્બર સુધીના સમયમાં કેવડાને ખૂબ જ ફુલો આવે પરંતુ આ કેવડો બે પ્રકારનો હોય છે. પીળા કેવડાના ફુલ દેખાવમાં સુંદર લાગે પણ અત્તર બનાવવા માટે તો સફેદ કેવડાના ફુલો જ વપરાય કેમકે એની ખુશ્બુ પ્રમાણમાં વધારે માદક અને ઠંડી હોય છે, વળી, આ કેવડાની અંદર પુષ્કળ પ્રમાણમાં સાપ રહેતા હોવાથી તેની ઉપરથી ફુલો ચુંટવા પણ મુશ્કેલ હોય છે. આમ છતાં, અનુભવી મજૂરો એ સહેલાઈથી કરી શકતા. આ કેવડામાંથી અત્તર ઉપરાંત કેવડાનું જળ અને તેલ પણ બનાવવામાં આવતું.

ચંપાનું અત્તર બનાવા માટે ચંપાના વૃક્ષો પણ માત્ર પાલણપુરની આસપાસ જ થતાં હતાં. સામાન્ય રીતે આ ચંપાના ફૂલની સુગંધ એટલી બધી તીવ્ર હોય છે. તેથી લોકો એને ઓછું પસંદ કરતા પણ તેના રૂપ અને રંગને કારણે તે વધુ મોહક લાગે છે. ચંપાની ઉગ્રતાને કારણે તો કહેવાયું છે કે 'ચંપા તો તુજ મેં તીન ગુણ. રૂપ, ગંધ ઔર બાસ એક અવગુણ ઐસો ભર્યો, ભ્રમર ન આવે પાસ'. કેવડાની જેમ ચંપાની પણ બે જાત થાય છે. એક લીલો ચંપો અને બીજો પીળો ચંપો. પીળા ચંપાને 'નાગચંપો' અથવા 'ખંડચંપો' પણ કહે છે. આ ચંપાના ફુલ માત્ર પાંચ જ પાંખડીઓમાં ખીલે છે, પરંતુ વૈશાખ-જેઠ એમ બે માસ દરમ્યાન ખીલેલાં ફુલોનું અત્તર જ વધુ ઉત્તમ બને છે. આ વિશિષ્ટ સોડમ ધરાવતો નાગચંપો પણ સમગ્ર ભારતમાં પાલાપુર આસાપાસ થતો હતો એટલે આ ચંપાનું અત્તર પણ માત્ર અહીં જ બનતું. ગુલાબના અત્તરની ભેટ આપણને મોગલ સામ્રાજ્યની નૂરજહાંએ આપી છે. કાશ્મીરમાં બનાવેલા 'નિશાંત', 'શાલીમાર' અને 'ચશ્મેશાહી' જેવા ગુલાબના બગીચા તેના શોખની સાક્ષી પૂરે છે. એવું જાણવા મળે છે કે, બેગન નૂરજહાંએ ગુલાબજળથી સ્નાન કરવા માટે પોતાના હમામખાનાનો હોજ ગુલાબોથી મઢાવી રાખ્યો હતો. પાણીને તેની સુગંધનો પાસ લાગે તેટલા માટે ફુલોને થોડા વધુ સમય રાખવામાં આવ્યા હતાં પણ બેગમે આ પાણીમાં કંઈક તરતું જોયું. એ હતો ગુલાબનો આત્મા રૂહ જેને આપણે અત્તર તરીકે ઓળખીએ છીએ. આ અવલોકન પછી પાણીમાંથી રૂહને છૂટો પાડવાની પ્રક્રીયા શોધી કઢાઈ અને એમ આપણને ગુલાબનું અત્તર મળ્યું.

સમગ્ર ભારતમાં આજે ગુલાબનું અત્તર માત્ર ઉત્તર પ્રદેશના અલીગઢ, હયરસ જેવા વિસ્તારમાં જ થાય છે. કેમ કે આ વિસ્તારમાં થતાં ગુલાબની સુગંધ જ કંઈ ઓર હોય છે. આ ગુલાબનાં ફૂલ માત્ર ચૈત્ર માસમાં જ આવે છે. વળી, તેનો છોડ પણ એકાદ-બે ફૂટ જ ઊંચો હોય પણ


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેતી - અમદાવાદ)**


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

તેનું ફુલ હથેળી જેવડું મોટું હોય છે. ઉદેપુર-દીધાટીના વિસ્તારમાં આજે ગુલાબોની પુષ્કળ ખેતી થાય છે. પરંતુ ત્યાં માત્ર ગુલાબજળ અને ગુલકંદ જ બને છે અત્તર બનતું નથી. ગુલાબનું જળ ખૂબ જ ઠંડક આપે છે. તેનું એક ટીપું પણ પાણીમાં નાખીને સ્નાન કરવામાં આવે તો લગભગ ૧૫ દિવસ સુધી શરીર ઉપર તેની સુવાસ રહે છે. જો તે કપડાં ઉપર છાંટવામાં આવે અને કપડાં ધોવાય તો પણ તેમાંથી સુગંધ આવ્યા જ કરે છે.

પાલનપુરના સરૈયાઓ ખસનું પણ અત્તર બનાવતા હતા. આ ખસના વાળાની ખેતી મોટેભાગે ભરતપુર, મસાનગર અને સવાઈ માધુપુરની આસપાસ જ થતી હતી. આમ છતાં, અહીંના સરૈયાઓ ખાસ ત્યાંથી આ બસનાવાળાઓ ખરીદી લાવીને તેમાંથી અત્તર બનાવતા. એની વિશેષતા એ છે કે ખસની ખેતી શિયાળામાં જ થાય છે પણ તેના અત્તરનો ઉપયોગ ઉનાળામાં થાય છે, કેમ કે તે ખૂબ જ માદક અને ઠંડક આપનારું છું.

અત્તર બનાવવાની પ્રક્રિયા ઘણી લાંબી છે. જેમાં એક સાથે ૨૦ કિલો સમાઈ શકે તેવી તાંબાની મોટી દેગ (ઘડો) ભઠ્ઠી ઉપર ફીટ કરેલી હોય છે ને તેની બાજુમાં એક ચંબુ રાખવામાં આવે છે. જેમાં સુખડનું તેલ ભરેલું હોય. તાંબાનો ઘડો અને ચંબુ વચ્ચે ઊંધા અંગ્રેજી 'યુ' આકારની વિમોચન નળી ફીટ કરેલી હોય છે. તાંબાની દેગમાં જે ફુલોનું અત્તર બનાવવાનું હોય તે ફૂલો નાંખીને દેગનાં ઢાંકણો હવા ચુસ્ત રીતે બંધ કરતાં પહેલા ઘડામાં ૬૦ લિટર પાણી ઉમેરવામાં આવે છે. ભઠ્ઠી સળગાવાય છે. ૬૦ લિટર પાણીમાંથી એક ભાગ પાણી બળી જવું જોઈએ અને એક ભાગ પાણી વરાળ દ્વારા ચંબુમાં સુખડના તેલમાં એકઠું થવું જોઈએ અને એક ભાગ પાણી ઘડાની અંદર રહેવું જોઈએ. લગભગ ત્રણથી ચાર કલાક પાણી અને ફુલને ઉકાળાય છે. સુખડના તેલભર્યા ચંબુને ઠંડા પાણીની કુંડીમાં મૂકવામાં આવે છે. ઘડામાં જે એક ભાગ પાણી રહ્યું હોય તેનાં ગુલાબજળ તરીકે ઉપયોગ કરાય છે અને ઉકાળેલા ગુલાબના ફુલોમાં સાકર, ઈલાઈચી, જાયફળ અને જાવંત્રી નાખીને ગુલકંદ બનાવાય છે. આમ, આ રીતે અઠવાડીયા સુધી નવા ફુલ અને નવા પાણીને ઉકાળવામાં આવે છે અને ચંબુમાં સુખડના તેલમાં વરાળરૂપે ફુલની સુંગધને એક અઠવાડિયાની પ્રક્રિયા બાદ તૈયાર થયેલું અત્તર બોટલમાં ભરી દેવાય છે. તે સમયે આજના જેવી કલાત્મક બોટલો બનતી ન હતી એટલે ઊંટની ચામડીમાંથી બનાવેલી 'તંબુડી' માં અત્તર ભરવામાં આવતું. માટીના અનારને પણ આ જ રીતે બનાવવામાં આવતું હતું. આજે અત્તરના વ્યવસાય માટે ઉદેપુરથી આવેલા એ.એ. અત્તરવાલા તો હયાત નથી પરંતુ, તેમની પાંચમી પેઢીના શ્રી સબ્બીર મુશેન, ક્યુમભાઈ, મનસુરભાઈ, એમ.એ.અત્તરવાલા અને યાહ્યાભાઈ પોતાના બાપદાદાની પેઢીનો આ વ્યવસાય સાચવીને બેઠા છે પરંતુ આધુનિકતાનો વાયરો વાતા હવે કુદરતી અત્તરના સાચા ચાહકો રહ્યા નથી. હવે લોકોની પસંદગી બદલાઈ રહી છે. અત્તર ઉદ્યોગ લગભગ ભાંગી પડયો છે. મૃતઃપ્રાય અવસ્થામાં આવી પડયો છે અને ફુલોમાંથી બનતા કુદરતી અત્તરની સુવાસ પણ વિસરાઈ રહી છે.

(લેખક - પાલનપુર શ્રી જી. ડી. મોદી કોલેજ ઑફ આટર્ઝ ખાતે પ્રોફેસર છે.)

## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

❖ **મનીષ નવીનચંદ્ર કડકીઆ (ધંગેલા)**
**શેફાલી મનીષ કડકીઆ**
૨૧૦૧, ૨૧ મે માળે, ઓમકાર ટાવર, ૩ જી ખેતવાડી
અલંકાર સિનેમાની સામે, મુંબઈ - ૪૦૦૦૦૪
મનીષ : ૯૬૬૪૧૯૬૭૮૫ / ૯૮૨૦૪૮૭૮૮૬
શેફાલી : ૯૮૨૦૩૬૫૫૫૦

## મૃત્યુ નોંધ


| | ઉ.વ. |
|---|---|
| ❖ નલિનકાંત ઓચ્છવલાલ પરીખ (બખલી) | ૭૭ |
| ❖ નવીનચંદ્ર કાંતીલાલ કડકીઆ (ધંગેલા) | ૮૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
## WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.